Chapter-5

પ્રકરણ- ૫

[illegible]

[illegible]

પ્રકરણ – ૫

મેઘાણી : લોકગીતોના સંપાદક

લોકગીતોનો નાદ મેઘાણીને આસપાસના લોકજીવનના નિકટ સંપર્કમાંથી લાગ્યો છે. એમણે પોતાની જાતને 'પહાડના બાળ' તરીકે ઓળખાવી છે તે એક રીતે સૂચક છે. એમણે જે જીવન જોયું અને માણ્યું તેનું પ્રતિબિંબ સાહિત્યમાં જોવાની એમને એક ખ્વાહિશ હતી. લોકગીતો અને લોકકથાના સંપાદન દ્વારા તેઓ તેમની એ આરતને પૂરી કરે છે. લોકગીતો, માધ્યમની કોઇ વિશેષતાને કારણે કે પછી ગેયતત્ત્વને કારણે, ઘણાં લોકપ્રિય બન્યાં છે. લોકગીતોના ઘણાખરા પ્રકારો સંઘોર્મિને અભિવ્યક્ત કરે છે. લગ્નગીતો, ગરબા, લોકનૃત્યો વગેરે સામૂહિક આસ્વાદનના પ્રકારો છે. મેઘાણીએ 'રઢિયાળી રાત'માં વિષય દૃષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ કર્યું છે. પરંતુ આધુનિક લોકસાહિત્ય–વિજ્ઞાન સ્વરૂપની દૃષ્ટિએ લોકગીતોનું જે વર્ગીકરણ કરે છે, તેનો લાભ એમનાથી લઇ શકાયો નથી. જો આમ થઇ શક્યું હોત તો એમનું વર્ગીકરણ વિશેષ શાસ્ત્રીય બન્યું હોત.

લોકગીતોનું વર્ગીકરણ: સ્વરૂપ દૃષ્ટિએ

ગુજરાતીને મુકાબલે અંગ્રેજી અને હિન્દીમાં લોકસાહિત્યના ક્ષેત્રમાં સ્વરૂપગત ચર્ચા વિગતે થઇ છે. ડૉ. સત્યેન્દ્રે નોંધ્યું છે કે, "અમેરિકન લોકસાહિત્યજ્ઞ જ્યોર્જ હરજોગે કહ્યું છે કે જે માનવસમૂહના ગીતોને લોકગીતો કહેવામાં આવે છે, તે મુખ્યત્વે ગ્રામીણ છે. લોકગીત એ લોકસંસ્કૃતિનો જ એક અંશ હોય છે, અને આ લોકસંસ્કૃતિ નગર–સંસ્કૃતિ કરતાં ભિન્ન એવી ગ્રામ–સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. હિન્દીમાં પણ પહેલાં 'ગ્રામગીત' નામથી ગામડાંનાં ગીતોનું સંપાદન કરવામાં

આવ્યુ હતું. પ્રારંભમા Folk-Song ને 'ગ્રામગીત' માનવામા આવ્યુ હતું; પરંતુ પછીથી વિશેષ વૈજ્ઞાનિક દૃષ્ટિ અપનાવીને 'ગ્રામગીત' શબ્દને બદલે 'લોકગીત' શબ્દ અપનાવવામા આવ્યો. આમ, જોઇ શકાય છે કે 'લોકગીત' અને 'લોક' શબ્દના પ્રયોગ અને અર્થમા વખત જતાં ઘણા પરિવર્તન આવ્યા છે. શરૂ શરૂમા તો 'Folk' શબ્દનો 'ગ્રામીણ લોકો' એવો અર્થ કરવામા આવ્યો હતો, અને આવા ખ્યાલથી ભારતમા ગ્રામગીત, ગ્રામકથા વગેરેનો સંગ્રહ કરવામા આવ્યો. કયારેક આદિમ જાતિ અથવા જંગલી જાતિઓના ગીત, કથા એકત્રિત કરવામા આવ્યા. પરંતુ સાચી વાત તો એ છે કે લોકગીત કે લોકકથાનું ક્ષેત્ર ગામ, જંગલ, પહાડ વગેરે નથી. ઝીણી નજરે વિચારીએ તો જણાશે કે લોકમાનસ સર્વત્ર વિદ્યમાન હોય છે. એટલે કે લોકગીત પ્રત્યેક ક્ષેત્રમાથી મળે છે."

ડૉ. સત્યેન્દ્રે <u>ક્ષેત્રની દૃષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ</u> નીચે પ્રમાણે આપ્યુ છે:

૧. નગરના લોકગીતો : (અ) રીતરિવાજના ગીતો
(બ) સામૂહિક મનોરંજનના ગીતો.

૨. ગામડાના લોકગીતો : (અ) રીતરિવાજના ગીતો
(બ) કાર્યલક્ષી (Functional) ગીતો (ક) મનોરંજન ગીતો
(ડ) તિથિલક્ષી ગીતો (ઋતુગીતો).

૩. જંગલના લોકગીતો : (અ) કાર્યલક્ષી ગીતો (બ) રીતરિવાજના ગીતો (ક) તિથિલક્ષી ગીતો (ઋતુગીતો).

આમાથી રીતરિવાજના ગીતો મોટે ભાગે નગર અને ગામડામા સમાન હોય છે. પરંતુ આવા ગીતોમા જે તે સમાજની આગવી વિશિષ્ટતાઓનો પ્રભાવ પણ અવશ્ય હોય છે.

<u>લિંગભેદથી કરવામાં આવતું વર્ગીકરણ</u> : કેટલાક ગીતો એવાં પ્રાપ્ત થાય છે કે જે માત્ર સ્ત્રીઓ દ્વારા જ ગવાતાં હોય. દા.ત. લગ્નગીતો, મરશિયા, ખાયણાં વગેરે. સૌરાષ્ટ્રમાં મરશિયા ચારણ પુરુષો દ્વારા ગવાતા હોય, એવા ઉલ્લેખ પણ મળે છે. કેટલાક ગીતો માત્ર પુરુષો જ ગાય છે. દા.ત. દક્ષિણ ગુજરાતના ઘેરૈયા રાસ વગેરે.

<u>પ્રકૃતિભેદથી પણ લોકગીતનું વર્ગીકરણ</u> કરવામાં આવે છે. લોકગીતના બે પ્રકાર પડે છે : (અ) ગેય લોકગીત, (બ) પાઠય લોકગીત. ગેય લોકગીતોના ત્રણ પેટાપ્રકારો પડે છે : (i) શુધ્ધ લોકગીત, (ii) નૃત્યગીત, (iii) નાટયગીત. શુધ્ધ લોકગીત માત્ર ગાવામાં આવે છે. નૃત્યગીતમાં નૃત્યનું તત્ત્વ (શારીરિક હલનચલન) જોડાયેલું હોય છે; જ્યારે નાટયગીતમાં અભિનય અને નાટકનું તત્ત્વ જોડાયેલું હોય છે.

પંડિત રામનરેશ ત્રિપાઠીએ "ગ્રામગીતો"નું વર્ગીકરણ આ પ્રમાણે આપ્યું છે:

૧. સંસ્કાર સંબંધી ગીત
૨. ઘંટી અને ચરખાનાં ગીત
૩. ધર્મગીત
૪. ઋતુગીત
૫. ખેતીનાં ગીત
૬. ભિખારીનાં ગીત
૭. મેળાનાં ગીત
૮. જાતિ ગીત
૯. વીર ગાથા
૧૦. ગીત – કથા
૧૧. અનુભવનાં વાકયો."

ઉપર્યુક્ત વર્ગીકરણ ઝીણવટથી તપાસતાં જણાય છે કે તે વૈજ્ઞાનિક નથી; કારણ કે ઘંટી અને ચરખાનાં ગીતોનો સમાવેશ કાર્યલક્ષી ગીતોમાં થાય છે. ધર્મગીત એ વ્રતગીતોનું જ બીજું નામ છે. વીરગાથા અને ગીતકથા એ બંને પ્રકારોનો કથાગીતો (બૅલેડ) માં સમાવેશ થઇ જાય છે. અનુભવનાં વાક્યો એ કહેવતો કે ભડલી વાક્ય છે, તેમને લોકગીત ન કહી શકાય.

ડૉ. સત્યેન્દ્રે વધુમાં લખ્યું છે: " રાજસ્થાની લોકગીતોના પ્રખર અભ્યાસી પંડિત સૂર્યકરણ પારીકે લોકગીતોનું વર્ગીકરણ આ પ્રમાણે આપ્યું છે:

૧. દેવી – દેવતાઓ, પિતૃઓનાં ગીતો
૨. ઋતુગીતો
૩. તીર્થોનાં ગીતો
૪. વ્રત, ઉપવાસ, તહેવારનાં ગીતો
૫. સંસ્કારનાં ગીતો
૬. વિવાહનાં ગીતો
૭. ભાઇ – બહેનના પ્રેમનાં ગીતો
૮. પતિ – પત્નીના પ્રેમનાં ગીતો
૯. પનિહારીનાં ગીતો
૧૦. પ્રેમગીતો
૧૧. ઘંટી ફેરવતાં ગવાતાં ગીતો
૧૨. બાલિકાનાં ગીતો
૧૩. ચરખાનાં ગીતો
૧૪. પ્રભાતિયાં

૧૫. રાધા-કૃષ્ણના પ્રેમગીતો

૧૬. હોળીના ઉત્સવમાં પુરુષો દ્વારા ગવાતા ગીતો

૧૭. દેશપ્રેમના ગીતો

૧૮. રાજકીય ગીતો

૧૯. રાજદરબાર, શિકાર, દારૂના ગીતો

૨૦. સિધ્ધ પુરુષોના ગીતો

૨૧. વીરોના ગીતો

૨૨. ઐતિહાસિક ગીતો

૨૩. હાસ્યરસના ગીતો

૨૪. પશુ-પક્ષી સબંધી ગીતો

૨૫. શાંત રસના ગીતો

૨૬. ગ્રામગીત

૨૭. નાટ્યગીત

૨૮. વીરો, મહાત્માઓની સ્મૃતિમાં ગવાતા ગીતો

૨૯. પરચુરણ ગીતો.

ઉપર્યુક્ત વર્ગીકરણમાં કોઇ ક્રમ જોવા મળતો નથી. શ્રી પારીકે હાસ્ય, શૃંગાર અને વીર રસના ગીતોને ત્રણ શ્રેણીમાં અલગ અલગ મૂક્યા છે. આ ગીતોને એક જ વર્ગમાં - રસદ્રષ્ટિએ - મૂકી શકાય. એ જ રીતે, ભાઇ-બહેન અને પતિ-પત્નીના ગીતોને સંસ્કાર ગીતો કે કુટુંબ ગીતોના પ્રકારમાં જોડાજોડ મૂકી શકાય તેમ છે. આ બંને વિદ્વાનોનો દ્રષ્ટિકોણ એમણે આપેલા વર્ગીકરણમાં વૈજ્ઞાનિક નથી એ સ્પષ્ટ થાય છે. માત્ર સામાન્ય સ્વરૂપમાં એમને જે જે પ્રકારો દ્રષ્ટિગોચર થયા તેમનો ઉલ્લેખ કર્યો છે. એટલે ખરેખર તો આ વર્ગીકરણમાંથી લોકગીતોમાં જોવા મળતા મુખ્ય મુખ્ય વિષયોની યાદી જ પ્રાપ્ત થાય છે."

લોકગીતોનું વર્ગીકરણ : વિષય દૃષ્ટિએ :

૧. સંસ્કાર ગીતો : આ પ્રકારનાં ગીતો ઔપચારિક ગીતો કહેવાય છે. ધાર્મિક વિધિઓમાં સામાન્ય રીતે બ્રાહ્મણ વૈદિક પધ્ધતિ પ્રમાણે કામગીરી બજાવે છે. સંસ્કાર ગીતોમાં જ્યાં બ્રાહ્મણનો કોઇ સંબંધ નથી હોતો, ત્યાં ઔપચારિક રીતે કેટલાક ગીતો ગાવામાં આવે છે. જન્મગીત, વિવાહગીત, મૃત્યુગીત વગેરેનો સમાવેશ સંસ્કાર ગીતોમાં થાય છે. જન્મગીતોમાં કૌટુમ્બિક આનંદની ઝલક જોવા મળે છે. વિવાહગીતોમાં ઉલ્લાસમય વાતાવરણનું નિરૂપણ જોવા મળે છે. વિવાહગીતોમાં જુદી જુદી વિધિ પ્રસંગે ગવાતાં ગીતોમાં વૈવિધ્ય જોવા મળે છે. આવાં ગીતો વિશેષ ભાવપૂર્ણ હોય છે. મેઘાણીએ 'રઢિયાળી રાત' ભાગ-૧ માં આપેલા દાંપત્યનાં ગીતો, ઇશ્કમસ્તીનાં ગીતો, કજોડાનાં ગીતો, કુટુંબસંસારનાં ગીતો, દિયર-ભોજાઇનાં ગીતો વગેરેને સંસ્કાર ગીતોમાં મૂકી શકાય.

(અ) જન્મગીતો : આ પ્રકારનાં ગીતોમાં બાળકના જન્મને વધાવવામાં આવે છે. સંતાનવિહોણી સ્ત્રી સૂર્યરાણી રન્નાદેને પ્રાર્થે છે:

પગલીનો પાડનાર દ્યોને રન્નાદે,
વાંઝિયાં - મેણાં માડી દોહ્યલાં.

પુત્રને સુવડાવતી વખતે માતા હાલરડાંના સ્વરૂપમાં ગાય છે:

તમે મારા દેવના દીધેલ છો,
તમે મારા માગી લીધેલ છો,
આવ્યા ત્યારે અમર થઇને રહો.

આ રીતે જન્મના પ્રસંગને એક ઉત્સવ લેખે ઉજવવામાં આવે છે. એમાં પ્રાંતે પ્રાંતે વૈવિધ્ય જોવા મળશે, પણ મૂળ ભાવના તો એકની એક જ હશે. 'પગલીનો પાડનાર' ગીતને સીમંતોત્સવના ગીત તરીકે પણ ઘટાવવામાં આવે છે; કારણ કે સૌ પ્રથમ ગર્ભાધાન વહી રહેલી સ્ત્રીને રન્નાદેની પ્રતિષ્ઠા સમક્ષ બેસાડીને કુટુંબની સ્ત્રીઓ આ ગીત ગાતી જોવા મળે છે. આવાં ગીતોને અધરણીનાં ગીતો પણ કહે છે.

(બ) <u>લગ્નગીતો</u> : લગ્ન પ્રસંગની જુદી જુદી વિધિમાં ગવાતાં ગીતો લગ્નગીતો તરીકે ઓળખાય છે. મેઘાણીએ નોંધ્યું છે: " લગ્નની પ્રણાલી આપણા દેશમાં સૌથી જટિલ પ્રણાલી છે. પ્રવર્તમાન લગ્નપ્રણાલી પર શાસ્ત્રો અને પુરોહિતોનું આધિપત્ય પ્રવર્તે છે. પણ લોકગીતોમાં આવતી લગ્નપ્રણાલી તો બિલકુલ ન્યારી જ છે:

દાદાજી રિસાળવા છે, અને માતાજી ગાળો દે છે. છતાં
નાયક નાયિકાને વચન આપે છે કે,
આપણે બેય પરણીશું વૈશાખમાંય.

પોતાની મનગમતી કન્યા પરણવા દાદા પાસે હઠ લેતો પુત્ર બોલે છે:

દાદા તે મોરા વહુ પરણાવ્ય
નહિ તો રહીશ હું કુંવારડો.

કન્યા પતિ વિશેનો પોતાનો આદર્શ આ પ્રમાણે વ્યક્ત કરે છે:

એક ઊંચો તે વર નો જોજો રે દાદા,
ઊંચો તે નત્ય નેવાં ભાંગશે.
એક નીચો તે વર નો જોજો રે દાદા,
નીચો તે નત્ય ઠેબે આવશે.

લગ્નવિધિ પત્યા પછી પુત્રીની માતા, તેની સાસુને સંબોધીને કહે છે: 'વેવાણ હૈયાં કરજો ભોળાં.'

આ ઉપરાંત પીઠી તૈયાર કરતાં, વર-કન્યાને દેહે પીઠી ચોળતાં, સગાંવહાલાંને તેડાવવાનાં, વરને વાઘા અને કન્યાને ચૂંદડી પહેરાવવાનાં, વરકન્યાને પોંખ ભરાવવાનાં, પરણવા જતી વેળાનાં, સૌને ભેટ આપવાનાં, શણગારનાં, ચોરીમાં પધરાવવાનાં વગેરે વિવિધ વિધિઓને લગતાં લગ્નગીતો પણ જોવા મળે છે.

લગ્નગીતોમાં ફટાણાં અથવા પરિહાસ ગીતો નામનો એક પ્રકાર જોવા મળે છે. ફટાણાંમાં એક પક્ષની સ્ત્રીઓ પોતાના પક્ષની વ્યક્તિઓનાં વખાણ કરે છે, અને સામા પક્ષની વ્યક્તિઓની ટીકા કરે છે. આમાં મોટે ભાગે નિર્દોષ ગમ્મત જ હોય છે. છતાં કેટલીકવાર એમાં કટુતા પેસી જતી હોય છે અને તે ક્વચિત્ ઝઘડાનું મૂળ બને છે.

અમદાવાદી આવી તમાકુ,
આવી અમારે દેશ,
મરચાં લે લે તમાકુ.

આવાં ગીતોમાં જાડો-પાતળો, શિષ્ટ-ગ્રામીણ બંને પ્રકારનો હાસ્યરસ નિરૂપાય છે. પરંતુ આવાં ફટાણાંમાં કાવ્યત્વનો અભાવ જ વર્તાય છે.

(ક) <u>વિરહગીતો :</u>

વિરહદશા એ પણ સંવેદનનું એક કારણ છે. ચારણ ખૂટતાં સૌરાષ્ટ્રનાં પશુપાલકો ઢોરોને સાથે લઇ દેશવટો ભોગવતા. મેઘાણીએ લખ્યું છે:

" સ્ત્રીઓ ઘેર બેઠી બેઠી વિરહમાં ઝૂરે. સૌરાષ્ટ્રને ફરતે સાગરકાંઠો અને નાવિકોની ખદબદતી વસ્તી છે. બળેવે તો વહાણો હંકારી ઠેઠ

જાવા, સુમાત્રા અને આફ્રિકાની ખેપો ખેડે. માત્ર ત્રણ મહિના ઘરનો વાસ પામે. દરિયાલાલનો ખોળો તો ખપ્પર જેવો, પાછા આવે કે ન પણ આવે. વણિક સોદાગરો, કોળી, મુસ્લિમ ખારવાઓ વગેરેની નવયૌવનાઓ ઘેર બેસીને તલસે અને ફફડે. સૌરાષ્ટ્ર એટલે કાઠી, ક્ષત્રિયો, આહીરો, ઇત્યાદિ લડાયક શૂરવીરોની ભૂમિ. પોતપોતાના પ્રદેશો સાચવવા કે વિસ્તારવા અહોરાત્રિના સીમાડા-સંગ્રામોને લીધે પુરુષોને નિરંતર મોંમા તુલસીનું પાંદડું રાખવું પડતું. રોજ ઊઠીને ધિંગાણાંના ઢોલ અને તલવારોના તોરણ, ભાલા બરછીની અગ્નિઝાળનો સામનો કરવાનો રહેતો. પુરુષો પાછા વળે કે ન વળે, પણ પરણેતરના જીવ સદાયે ઊંચા રહેતા."

સૌરાષ્ટ્ર એટલે સિપાહીગીરીની ભૂમિ. દૂર અને નજીકના મોટા રજવાડામાં લશ્કરી ચાકરીએ જવાનું ગમે ત્યારે તેડું આવે. આવી ચાકરી વર્ષોના વર્ષો સુધી પહોંચે. ચાકરીએ ગયેલો જુવાન પાછો વળે કે ન પણ વળે. વેરણચાકરીના ગીતોથી આપણું લોકસાહિત્ય અશ્રુભીનું બન્યું છે. ઉજળિયાત વણિકો કે નાગરો સુધ્ધા લશ્કરી, મુલકી કે મુત્સદ્દીગીરીની ચાકરીએ અચાનક ચાલી નીકળતા. લોકગીતોમાં નાગર સ્ત્રીની વિરહદશા અને વ્યથા આ પ્રમાણે વ્યકત થાય છે:

નાની શી નાર ને નાકમાં મોતી
વ્હાલમ વિદેશે ને વાટડી જોતી
ઉડાડતી કાગ ને ગણતી'તી દા'ડા,
એ રે એંધાણીએ નાગરવાડા.

નારીની વિજોગણ દશા ગરબે ઘૂમતી સ્ત્રીઓ પાસે ગવડાવે છે:

આ હાલાર શહેરના હાથીડા, કંઇ આવ્યા અમારે દેશ,
છેલ છોગાળો હોય તો મૂલવે, ડોલરિયો દરિયાપાર.

આવા ઢોલરિયાને સંદેશો કોણ પહોંચાડશે ?:

કુંજલડી રે સંદેશો અમારો જઈને વ્હાલમને કહેજોજી રે,
પ્રીતિકાંઠાનાં અમે રે પંખીડાં, પ્રીતમસાગર વિણ સૂનાજી રે.

નાયિકા નાયકના પ્રત્યાગમનની એક વર્ષની અવધને અંતે રાહ જોઈ જોઈને સૂકાય છે:

વરસ વળ્યાં, વાદળ વળ્યાં, ધરતી લીલાણી
વિજાણંદને કારણે શેણી સુકાણી.

વેરણ-ચાકરીનો મોકો આવતાં સૌરાષ્ટ્રના સૈનિકના ઘરમાં ચાકરીનું ગીત ગવાય છે. ચાકરીએ કોણ જાય ? વચલા ભાઈનો વારો આવે છે. એટલે તેની વધૂ કલ્પાંત કરે છે:

ચાકરીએ મારા સસરાજીને મેલો રે,
અલબેલો નહિ જાય ચાકરી રે લોલ.
પણ સાસુ તૈયાર થતી નથી; તે કહે છે:

સસરા ઘેરે દરબારી છે રાજ રે,
દરબાર પૂરા નહિ પડે રે લોલ.
જેઠ ઘેરે જેઠાણી ઝીણા બોલી,
પરભાતે ઝઘડો માંડશે રે લોલ.
દિયેર ઘેરે દેરાણી નાનું બાળ રે,
મ્હોલુમાં એકલ નહિ રહે રે લોલ.

વચેટ પતિ ચાકરીએ ચાલી જવા નીકળ્યો ત્યારે તેની વહુ કહે છે:

ઝાલી ઝાલી ઘોડલિયાની વાગ રે,
અલબેલા કયારે આવશો રે લોલ.

ત્યારે અલબેલો જવાબ આપે છે:

ગણજો ગણજો પીપડીના પાન રે,
એટલે તે દહાડે આવશું રે લોલ.

આવા કલેજાફાટ ચાકરીગીતોમાં નારીહૃદયનું માર્દવ પણ સીંચાયેલું છે:

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેઘ,
ગુલાબી નહિ રે જાવા દઉં ચાકરી રે.
તમને વ્હાલી દરબારી ચાકરી રે,
તમને વ્હાલો મારો જીવ.

વિરહદશાની વેદના ભાભીને અકળાવી મૂકે છે:

મેંદી તે વાવી માળવે એનો રંગ ગિયો ગુજરાત રે,
મેંદી રંગ લાગ્યો રે.
નાનો દિયરિયો લાડકો કંઈ લાવ્યો મેંદીનો છોડ,
વાટીઘૂંટીને ભર્યા વાટકા, ભાભી રંગો તમારા હાથ.

ભાભી દુ:ખ સાથે કહે છે: "હાથ રંગીને દિયરિયા શું રે કરું, એનો જોનારો પરદેશ રે." પતિને જ સર્વસ્વ માનતી પત્નીને સ્વાભાવિક રીતે લાગે કે "આ શણગાર કોને બતાવવો છે ?"

"જોબનિયાં મારાં આજ આવ્યાં ને કાલ જાશે" એમ ગાતી ખારવણો પોતાના વહાણે ચઢતા નાવિક પતિને બળેવને દિવસે વિદાય આપે છે. આવાં વિરહગીતોથી લોકસાહિત્ય કરુણરંગી બન્યું છે.

(૬) <u>મૃત્યુગીતો</u> :

મૃત્યુગીતોમાં મરશિયા (Dirge), છાજિયાં, રાજિયા, એવા પેટાપ્રકારો જોવા મળે છે. મરશિયામાં મૃત વ્યક્તિને કેન્દ્રમાં રાખીને

તેની સ્મૃતિ તાજી કરવામાં આવે છે. છાજિયાં, રાજિયા એ નારીગાનનો એક પ્રકાર છે. મરનારની બહેન, પુત્રી વગેરે પરંપરાગત રાજિયાનાં કલ્પાંતો કરતી, છાતી કૂટતી, પછાડો ખાતી, વાળ તોડતી અને પીંખતી, વિધવા ખૂણો પાળતી અને માથું પણ મુંડાવતી.

'તારી ઢાંકણીના ઢાંકેલ છે મોરા માવડાના.' એમ કહીને ચારણી વિધવા સ્ત્રી પોતાના પતિ પાછળ મોં ઢાંકીને રુદન કરે છે.

બાળકના મૃત્યુ સમયે માતા વિલાપ કરતી ગાય છે:

એવો ઊગ્યો ને આવડાઇ ગિયો,

મારા ઘરમાં બાળા સાદની તાણ પડી.

મૃત્યુ-વિષયક કરુણ ગીતો પ્રાચીન છતાં હૃદયસ્પર્શી છે.

(૨) કાર્યલક્ષી (Functional) ગીતો :

આ પ્રકારના ગીતોના બે પ્રકાર જોવા મળે છે: (અ) કૃષિકાર્ય સંબંધી ગીતો, (બ) અન્ય વ્યવસાય સંબંધી ગીતો. કૃષિકાર્ય સંબંધી ગીતોના અનેક પેટાપ્રકારો જોવા મળે છે: (અ) વાવણીના ગીતો, (બ) રોપણીના ગીતો, (ક) કાપણીના ગીતો, (ડ) ફસલ ગીતો (ઇ) કોસિયાનાં ગીતો વગેરે.

અન્ય વ્યવસાય સંબંધી ગીતોના બે પેટાપ્રકારો છે: (અ) ગૃહજીવન સંબંધી ગીતો, (બ) બાહ્યજીવન સંબંધી ગીતો.

ગૃહજીવન સંબંધી ગીતોનું ક્ષેત્ર ઘર પૂરતું મર્યાદિત હોય છે. મૂશળગીતો ખાંડણિયામાં અનાજ ખાંડતી વખતે ગવાય છે. ઘંટીગીતો ઘંટીમાં અનાજ દળતી વખતે ગવાય છે. વલોણાં ગીતો વલોણું કરતાં ગવાય છે. ચરખા-ગીતો સ્ત્રીઓ ચરખા ઉપર સૂતર કાંતે છે ત્યારે ગાય છે.

બાળજીવન સંબંધી ગીતો મોટે ભાગે ઘરની બહાર થતી પ્રવૃત્તિને વર્ણવે છે. દોરડાં બનાવતી વખતે, ઈંટ-પથ્થર ઊંચકીને લાવતી વખતે, કુહાડાથી ઝાડ કાપતી વખતે, ગાડી-હાથલારી ખેંચતી વખતે શ્રમજીવીઓ આ પ્રકારનાં ગીતો ગાય છે. આવાં ગીતોનો મુખ્ય ઉદ્દેશ પરિશ્રમનો થાક દૂર કરવાનો અને એકવિધ કામગીરીના ત્રાસમાંથી કંઈક રાહત મેળવવાનો હોય છે.

(૩) ઋતુગીતો :

અનેક ઋતુઓને વર્ણવતાં ગીતોને ઋતુગીતો કહેવામાં આવે છે. મેઘાણીભાઈએ 'લોકસાહિત્યમાં ઋતુગીતો' નામનો ઋતુગીતોનો એક સ્વતંત્ર સંગ્રહ આપ્યો છે. આ પ્રકારનાં ગીતોમાં 'બારમાસી' 'મહિના' વગેરે પેટાપ્રકારો જોવા મળે છે. એમાં પણ 'મહિના' નામનો કાવ્યપ્રકાર વિશેષ પ્રચલિત છે. શિષ્ટ ગણાતા મધ્યકાલીન કવિઓએ આવા 'મહિના' રચેલા છે. આ પ્રકારનાં ગીતોમાં પ્રત્યેક મહિનાને લઈને કડીઓ ગૂંથવામાં આવે છે. કોઈમાં ધાર્મિકતા, તો કોઈમાં શૃંગાર, કોઈમાં વિરહભાવ, તો કોઈમાં પ્રકૃતિની વિવિધ લીલાનું આલેખન થયેલું હોય છે. બધી ઋતુઓમાં વર્ષાને આપણા લોક-કવિઓએ સૌથી વધારે લડાવી છે. પ્રકૃતિ કદાચ સૌથી વધારે આકર્ષક શૃંગાર એ ઋતુમાં જ સજે છે. લોકોના બારે માસના સુખનો આધાર પણ વર્ષાઋતુ ઉપર જ હોવાથી એના વર્ણનમાં ખેડૂતોના ને સામાન્ય માનવીના સંતોષના ને પ્રસન્નતાના ભાવ વણાયા છે. 'ભડલી વાકયો'માં પણ લોકોએ વર્ષાઋતુના અનુભવો ઉપરથી કરેલી આગાહીઓને જ પદ્યબદ્ધ કરવામાં આવી છે. દા.ત.

વરસે જો ભરણી
તો નાર મેલે પરણી.

એટલે કે, જો ભરણી નક્ષત્રમાં વધારે વરસાદ પડે તો, તેથી દુકાળ પડે અને પતિ પોતાની પત્નીને ત્યજી દે.

(૪) <u>ઉત્સવ ગીતો</u> :

વિવિધ ઉત્સવોની ઉજવણી પ્રસંગે ગીતો ગાવાની એક પ્રણાલી ચાલી આવે છે. હોળીના તહેવારમાં ગવાતાં ગીતો હોળીગીતો કહેવાય છે. નવરાત્રિના ઉત્સવમાં ગરબા કે જોડકણાં ગાવાનો રિવાજ ચાલી આવે છે. મેઘાણીએ "રઢિયાળી રાત" ભાગ-૨ માં નવરાત્રિનાં જોડકણાં સંગ્રહ્યાં છે. દક્ષિણ ગુજરાતમાં દિવાળીના ઉત્સવ પ્રસંગે ઘેરૈયા રાસ ગાવાની પ્રથા આજે પણ પ્રચલિત છે.

(૫) <u>જાતિગીતો</u> :

વિશિષ્ટ જાતિનાં લોક પોતાનું કામ કરતી વખતે આવાં ગીતો ગાય છે. આ ગીતોમાં પોતાના વ્યવસાયનો ઉલ્લેખ પણ આવી જાય છે. પંચમહાલ, આહવા – ડાંગ જિલ્લાની આદિવાસી જાતિ પાસે આગવાં કહી શકાય તેવાં જાતિગીતો મળે છે. શ્રી રમેશ પાઠકે "પંચમહાલનાં આદિવાસીગીતો" નામનો એક સંગ્રહ પ્રગટ કર્યો છે. એ જ પ્રમાણે શ્રી શંકરભાઇ તડવી અને સૌ. રેવાબહેન તડવી વડોદરા જિલ્લાના પૂર્વ વિસ્તારની આદિવાસી પ્રજાના લોકગીતો એકત્ર કરવાનું કામ કરી રહ્યા છે.

(૬) <u>ક્રીડા ગીતો</u> :

બાળકો રમત રમતી વખતે આ પ્રકારના ગીતો ગાય છે. આપણે ત્યાં રમતના ગીતોનો ભંડાર સમૃધ્ધ છે. આવા ગીતો લોકજીવનની વ્યાવહારિક ચેતનાની વિભિન્ન દશાઓનો નિર્દેશ કરે છે. આવા ગીતોથી બાળકોને મનોરંજન પણ મળે છે અને શારીરિક વ્યાયામ પણ મળે છે.

(૭) <u>ભક્તિ ગીતો યા ભજનો</u>

ભક્તિગીતો યા ભજનોના અનેક પ્રકાર જોવા મળે છે. સામાન્ય રીતે ભક્તિગીતોના બે પ્રકાર જાણીતા છે: (૧) સગુણ ભક્તિ-ગીત (૨) નિર્ગુણ ભક્તિ-ગીત. હિન્દીમાં ભજન, આરતી વગેરેનો સગુણ ભક્તિગીતમાં સમાવેશ થાય છે. ગુજરાતીમાં સગુણ ભક્તિગીતમાં કીર્તનો, ધોળ, રામાવળા, કૃષ્ણવળા વગેરેનો સમાવેશ કરી શકાય.

નિર્ગુણ ભક્તિગીતો સાધુ, ફકીર કે ભિક્ષુક ગાતા હોય છે. આ ભક્તિગીતો પ્રાચીન પરંપરાથી પ્રભાવિત હોય છે.

દુહો એ લોકગીતનો કદની દૃષ્ટિએ નાનામાં નાનો પ્રકાર છે. એમાં વીરતા, પ્રેમ, ઐહિક જીવનના સુખદુઃખો, હૃદયની સૂક્ષ્મતમ લાગણીઓ વગેરે અનેક પ્રકારના વિષયોનો સમાવેશ થાય છે. મેઘાણી દ્વારા સંપાદિત 'સોરઠિયા દુહા'માં વિષય અને પ્રકારનું આવું વૈવિધ્ય જોવા મળે છે.

'બૅલેડ' પણ લોકસાહિત્યનો એક પદ્ય પ્રકાર છે, તેથી તેની સ્વરૂપ ચર્ચા અગાઉ પ્રકરણ-૨ માં વિગતે કરી હોઇ, અહીં પુનઃ કરી નથી.

"સલોખો" એટલે શું ?

સલોખો (શ્લોક ઉપરથી) એટલે પ્રશંસાત્મક કવિતા એવી સમજૂતી 'ભગવત્ ગોમંડળ'માં જોવા મળે છે. પ્રા. પુષ્કર ચંદરવાકરના મતે સલોખો એ લોકકથાનો એક ગીતપ્રકાર છે. સલોખામાં કથાવસ્તુ (Theme) હોય છે, માટે રાસડાનો એક પ્રકાર છે. સલોખાની અનેક વિગતોમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઊતરી શકાય: (૧) આકૃતિદેહ (Structure) (૨) કથાવસ્તુ (content), (૩) ભૌગોલિક – ઐતિહાસિક પરિમાણ (Geo-Historical Factor) (૪) વ્યાપકતા (Universality), (૫) કથાપ્રકૃતિ (Tale type) અને તેનો ક્રમાંક (Index) (૬) મોટિફ (Motif) અને તેનો ક્રમાંક (Motif Index) (૭) આદિમ સ્વરૂપતત્ત્વો (Archetypal Elements). પ્રા. ચંદરવાકર સંપાદિત 'સૂરજમલનો સલોખો' 'વિશ્વમાનવ'માં (૧૯૬૬–૬૭ માં) છપાયો છે. આ સલોખો તેમને ઇડર પાસેના મુડેઠી ગામેથી મળ્યો હતો. પાંડવોને લગતો સલોખો પણ ઝાલાવાડના ગામમાંથી એક અતીતપંથી બાવા પાસેથી એમને મળ્યો છે. પ્રા. પ્રહ્લાદભાઇ પટેલ દ્વારા સંપાદિત 'શિયો' નામનો સલોખો ઓખામંડળના ભોપા નામની માલધારી જાતિનો છે. ડૉ. મંજુલાલ મજમુદારે પણ થોડાક સલોખા સંપાદિત કર્યા છે. આમ, સલોખો એ લોકકથાનો ગીતમાં ગવાતો એક પ્રકાર છે. મેઘાણીનાં ટાંચણોમાં ગુલાબદાસ હરિચંદ શાહ સંપાદિત એક સલોખો જોવા મળે છે. ગામ: પછેગામ, તાબે: સોનગઢના કનુભાઇ ગજાભાઇ ગોહિલે તે સંભળાવ્યો હતો. 'સૌરાષ્ટ્રની રસધાર'માં પ્રગટ કરવા મોકલેલો પણ તે હજી અપ્રગટ છે. આ સલોખો પછેગામ (તાબે સોનગઢ) ના ગોહિલ રાજપૂતો અને વળાના દરબારશ્રી હરભમજી વચ્ચે રાજ્યની સરહદ માટે થયેલ ઝઘડા ઉપર સં. ૧૮૮૬ ની સાલમાં રજપૂત મઘા મોરારે બનાવેલો જણાય છે. આ સલોખાની શરૂઆતની પંક્તિ આ પ્રમાણે છે:

સરસ્વતી માતા વીધા વડ વાળી,

ભેળા ભૂતનાથ મૂલીંધર જોઇ.

વળા પછીગામ વેર તો થાસે,

પ્રથમ બોલ્યા છે દેવાણી સાથ.

આ સલોખાની અંતિમ કડીમાં 'સલોકા' શબ્દપ્રયોગ થયેલો છે:

તેના સલોકા સારા જોડાસે,

લજ્જા રાખસે દીનો-તે-નાથ.

સંપાદકે આ સલોખો મેઘાણીને તા. ૧-૩-૧૯૨૪ ના રોજ મોકલ્યાનો ઉલ્લેખ મળે છે. આ સલોખાનું કર્તૃત્વ મઘા મોરારનું સિધ્ધ થાય, તો એ લોકસાહિત્યનો સલોખો બનતો નથી એ સ્પષ્ટ કરી લેવું જોઇએ. રાસડાના એક પ્રકાર તરીકે સલોખાનું સંશોધન થાય તે જરૂરી છે. લોકસાહિત્યની ખાણમાં આવી હીરા જેવી સામગ્રી ઠેર ઠેર વેરાયેલી પડેલી છે. માત્ર તેને શોધી કાઢનારા થોડાક સંશોધકો મળી જાય તો આ ક્ષેત્રમાં ઘણાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય એવી શકયતા રહેલી છે.

મેઘાણીએ લોકગીતોનું રખડી-રઝળીને સંપાદન કર્યું છે. એની પાછળ લીધેલો શ્રમ અમૂલ્ય અને અપરિમેય છે. એમણે છવ્વીસ વર્ષની લેખન કારકિર્દીમાં લોકગીતનાં દસ પુસ્તકો આપ્યાં છે: (૧) 'રઢિયાળી રાત-૧' (૧૯૨૫) (૨) 'રઢિયાળી રાત-૨' (૧૯૨૬) (૩) 'રઢિયાળી રાત-૩' (૧૯૨૭) (૪) 'ચૂંદડી-૧' (૧૯૨૮) (૫) 'હાલરડાં' (૧૯૨૮) (૬) 'ચૂંદડી-૨' (૧૯૨૯) (૭) 'ઋતુગીતો' (૧૯૨૯) (૮) 'રઢિયાળી રાત-૪' (૧૯૪૨) (૯) 'સોરઠી સંતવાણી' (૧૯૪૭) અને (૧૦) 'સોરઠિયા દુહા' (૧૯૪૭). આમાંનાં છેલ્લાં બે પુસ્તકો મરણોત્તર પ્રકાશનો છે. આ ગ્રંથોમાં વિષય અને પ્રકારોનું વૈવિધ્ય હોય

એ દેખીતું છે; કારણ કે એ નિમિત્તે એમનો ઉપક્રમ લોકોની વૈવિધ્યસભર જિંદગીને સમજવાનો જ હતો.

'રઢિયાળી રાત'ના ચાર ભાગો પાછળથી બે ભાગમાં પ્રગટ થયા છે. આ પુસ્તકના ચારે ભાગો સંપાદકને એમની પ્રવૃત્તિમાં પ્રેરણા આપનાર સ્ત્રીઓને અર્પણ કરવામાં આવ્યા છે, તે સૂચક છે. એમાં પણ સંપાદક મેઘાણીને સૌ પ્રથમ લોકગીતોની લહાણી કરનાર હેલીબહેનનું નામ સંભારવા જેવું છે. બગવદરનાં એ મેરાણી બહેને મેઘાણીને કીમતી લોકગીતો સંભળાવ્યાં હતાં, જે ગ્રંથસ્થ થતાં આજેય જળવાઇ રહયાં છે. લોકકંઠે જીવતું આ પ્રકારનું સાહિત્ય એના વારસોનો વિશ્વાસ સંપાદન કરીને ટપકાવી લેવું એ શ્રમસાધ્ય અને અતિ દુષ્કર કાર્ય છે. આમ હોવા છતાં મેઘાણીએ જીવંત રસ અને શ્રદ્ધા દાખવીને એને સંગ્રહી લીધું; એટલું જ નહિ, જનસમુદાય માટે એને ગ્રંથસ્થ રૂપે ચિરંજીવ બનાવ્યું છે. સંપાદકની આ સેવા અમૂલ્ય છે. મેઘાણીએ બીજું કશું ન લખ્યું હોત, અને માત્ર લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જ કર્યું હોત, તો પણ તેઓ ગુણવત્તા અને ઇયત્તાની દૃષ્ટિએ ગુજરાતી લોકસાહિત્યના એક ઉત્તમ સંશોધક-સંપાદક તરીકે પ્રતિષ્ઠિત થઇ શકયા હોત. વળી, એમણે જે સમયમાં લોકસાહિત્યનું સંશોધન-સંપાદન શરૂ કર્યું, તે સમયે આ વિષયનો ઝાઝો પ્રચાર અને પ્રસાર પણ થયો નહોતો. આવા સંજોગોમાં એમણે લોકસાહિત્યને જે ગતિએ પ્રકાશમાં આણ્યું, લોકભોગ્ય બનાવ્યું, તે ઘટના મહત્ત્વની બને છે.

'રઢિયાળી રાત' ભાગ-૧ માં કુલ ૧૯૯ લોકગીતોનો સંગ્રહ છે. પુસ્તકને અંતે તળપદા શબ્દોનો કોશ આપ્યો છે; જેમાં લોકસાહિત્યમાં પ્રયોજાતા શબ્દોના શિષ્ટમાન્ય ભાષામાં અર્થ અપાયા છે. એક

નોંધપાત્ર બીના એ છે કે સંપાદકે લોકગીતોનું વિષયવાર વિભાગીકરણ કર્યું છે. લોકગીતોનું સ્વરૂપવાર વિભાગીકરણ પણ થઇ શકે; પરંતુ એ કદાચ સંપાદકને અભિપ્રેત નહિ હોય. એમ કરવાથી ગ્રંથનું જુદું સ્વરૂપ તૈયાર થયું હોત. અહીં એવું બન્યું છે કે કેટલાક વિષયો બેવડાયા છે, તો કેટલાક વિષયોને બદલ અલગ શીર્ષકને બદલે એક જ શીર્ષક હેઠળ મૂકી શકાયા હોત. દા.ત. 'કુટુંબ સંસારનાં ગીતો'માં 'દાંપત્યનાં ગીતો', 'કજોડાનાં ગીતો' અને 'દેર-ભોજાઇનાં ગીતો' ને સમાવી શકાય. એ જ પ્રમાણે 'ભાભીનું મહેણું', 'ભાઇ-ભાભી' વગેરે લોકગીતો 'કુટુંબ સંસારનાં ગીતો' ના વિભાગમાં મૂકયાં છે, જેમને વિષય દ્રષ્ટિએ 'દેર-ભોજાઇનાં ગીતો' ના વિભાગમાં સમાવી શકાય. એ સંભાવના નકારી કાઢવા જેવી નથી કે મેઘાણી લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં એટલા તો ઉત્સાહી બની ગયા હોય કે વિભાગીકરણનું કડાકૂટિયું કામ તેમની ધ્યાન બહાર રહી ગયું હોય. પહેલા ભાગમાં એમણે આ પ્રમાણે વિભાગીકરણ આપ્યું છે: (૧) દાંપત્યનાં ગીતો, (૨) ઇશ્કમસ્તીનાં ગીતો, (૩) વિનોદગીતો, (૪) કજોડાનાં ગીતો, (૫) કુટુંબ સંસારનાં ગીતો, (૬) દેર-ભોજાઇનાં ગીતો, (૭) રસગીતો (૮) હાલરડાં અને બાલગીતો (૯) નવરાત્રિનાં જોડકણાં. આ સંપાદનમાં બીજી એક નોંધપાત્ર બાબત એ છે કે સંપાદકે પ્રત્યેક ગીતની પ્રથમ પંક્તિની પણ સૂચિ આપી છે, અને એ રીતે સંપાદનને બને તેટલું શાસ્ત્રીય બનાવવાનો પ્રયાસ કર્યો છે.

આ સંગ્રહનું પહેલું ગીત 'નિમંત્રણ' આજે તો સર્વત્ર લોકજીભે રમતું થઇ ગયું છે:

રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મોલ,
ઝરૂખડે દીવા બળે રે લોલ.

આ ગીતની પૂર્વભૂમિકામાં લેખકે નોંધ મૂકીને ગરબા ગાવાના સ્થળનું વર્ણન, સ્ત્રીઓનું સૌંદર્ય અને સાહેલીના શબ્દચિત્રોનો નિર્દેશ કર્યો છે. પાદટીપમાં નોંધ મૂકી છે કે, "જુદા જુદા નામ લઇને ફરી ફરી આ ત્રણે કડીઓ ગવાય છે." એટલે કે અનુક્રમે 'રૂપસંગ', 'માનસંગ' અને 'ધીરસંગ' ને બદલે ગાનારને અભિપ્રેત બીજા વિશેષનામો પણ મૂકી શકાય.

'મારી સાહેલીનું બેડલું' એ ગીતની પૂર્વભૂમિકામાં ગામની સમાજરચનાની વિગતો જોવા મળે છે. સુથારથી માંડીને મોતીઆરા સુધીના સમસ્ત કારીગર-સમાજને હાથે તૈયાર થતી માંડવડી અને ગરબો પરસ્પર સંકડાયેલા સમાજજીવનનાં સૂચક પ્રતીકો છે. ગરબો ગાનારી સ્ત્રીઓમાં વહુઓ અને દીકરીઓ એવા બે સ્પષ્ટ ભેદ છે. એમાં પણ વ્યવહારની રીતભાતનું તત્ત્વ વણાયેલું છે. દીકરીઓ ગરબો ગવડાવે અને વહુઓ તે ઝીલે છે. વહુઓથી ગરબો ગવડાવાય નહિ, કારણ કે એમ કરવાથી મલાજો તૂટે ! આમ, સમાજજીવનનું પ્રતિબિંબ આવી કૃતિઓમાં છતું થાય છે તે નોંધવું જોઇએ. આ ગીતની પ્રથમ પંક્તિ નીચે પ્રમાણે છે:

છલકાતું આવે બેડલું,
મલકાતી આવે નાર રે, મારી સાહેલીનું બેડલું –
છલકાતું આવે બેડલું.

આ પંક્તિનો પાઠભેદ ગુજરાતી ઠકરાણીઓમાં નીચે મુજબ જોવા મળે છે:

ઝલકાતું આવે બેડલું,
મલપાતી આવે નાર રે, મારી લાલ રંગીલીનું બેડલું.

અહીં જોઇ શકાશે કે સંપાદક મેઘાણી કૃતિનું સંપાદન કરીને અટકી જતા નથી, કૃતિના જેટલા પાઠભેદો પ્રાપ્ય હોય તેનું સંશોધન કરીને તેમને રજૂ કરે છે. આવી વિગતોના અનુલક્ષમાં સંશોધક મેઘાણીભાઇની કામગીરીને તપાસવી જોઇએ. આ ગીતને તેઓ રાસ તરીકે ઓળખાવે છે તે પણ સૂચક છે. એમણે રાસ અને ગરબા વચ્ચે ભેદરેખા આંકી આપી નથી; પરંતુ તેઓ આ બંને પ્રકારના સ્વરૂપ વિશે સ્પષ્ટ હોય એમ જણાય છે.

"ઘૂઘરાના રમનારા" ગરબામાં વિજોગણ નારીનો તલસાટ, સંતતિની ઝંખના અને તેની સંતૃપ્તિ વ્યક્ત થયાં છે:

બાર બાર વર્ષે આવ્યો ગોરીનો પરણ્યો જો,
ખડિયામાં લાવ્યો રે રંગત ઘૂઘરા રે લોલ.

આ ગરબામાં આવતા "નહિયું", "મેલ્ય", "છવરાવ્ય", "બોલ્ય", "ગાજ્ય" "સાયબો", "વન્યા", "ઓતર" જેવા સોરઠી બોલીના શબ્દો એ પ્રદેશનું તળપદું લોકજીવન તાદૃશ કરે છે.

"ક્યાં રમી આવ્યાં ?" એ અત્યંત લોકપ્રિય ગીત છે.

આ ગીતની પ્રથમ પંક્તિ નીચે મુજબ છે:

સાંભળ રે મારી સજની નાર, રજની ક્યાં રમી આવ્યાં જી,
હમણાં ચીર પેર્યાંતાં ને ચીર ક્યાં ચોળાણાં જી !

પ્રસ્તુત પંક્તિનો બીજો પાઠ નોંધતાં મેઘાણીભાઇએ લખ્યું છે કે "વ્રજમાં ક્યાં રમી આવ્યાં જી" એમ પણ ગવાય છે. એ રીતે આખું ગીત ગોપગોપીઓને લાગુ પડે છે. આ ગીતમાં ચતુર તરુણી પોતાના હાલહવાલના તદ્દન જુદા ઉડાઉ, છતાં બંધબેસતા ખુલાસા આપે છે.

'પરદેસમે' ગીતમાં વિરહિણી સ્ત્રીની વેદનાનું નિરૂપણ થયું છે. એમાં પ્રયોજાયેલી ભાષામાં અશુધ્ધ હિન્દીની છાંટ છે. હિન્દીભાષી પ્રાંતમાંથી આ ગીતનું મૂળ સ્વરૂપે કે થોડાક રૂપાંતર સાથે આગમન થયું હોય એ બનવાજોગ છે.

'માનેતીની આંખ' એ વધારે પ્રચલિત બનેલું લોકગીત છે. ભાભીને શણગારવાના દિયરના મનોરથ વ્યક્ત થયા છે, પણ ભાભી શણગાર બતાવે કોને ? શણગાર જોનારો તો પરદેશ ગયો છે. જીવનના અનેકવિધ રંગોને નિરૂપતી પંક્તિ હ્રદયમાં વસી જાય તેવી પાણીદાર બની છે:

મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.

આ ગીતમાં "દિયર" ને માટે "દેરીડો" અને "દેરી" એમ તળપદી લોકબોલીના બે શબ્દો પ્રયોજાયા છે.

'અબોલા ભવ રહયા' ગીતમાં સ્નેહાળ સ્ત્રી સ્વામીના અબોલા ભંગાવવા માટે કેવાં વલખાં મારે છે તેનું વર્ણન છે:

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં
મેં તો આભનાં કર્યાં રે કમાડ
સાયબા અબોલા ભવ રિયા !

' નો દીઠી' એ ગીત દાંપત્યજીવનમાં જોવા મળતો કરુણભાવ વ્યક્ત કરે છે. બાર વરસે રજપૂત ઘેર આવે છે, ત્યારે ઘરમાં દીવો બળે છે, પણ પોતાની પરણેતર દેખાતી નથી. રજપૂતની માએ એને મારી નાખી હતી. તેની લોહીલુહાણ થયેલી ચૂંદડી નેવાં ઉપર સુકાતી હતી.

માડી ! બાર બાર વરસે આવીઓ,
માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે જાડેજી મા !
મોલુમાં દીવો શગ બળે રે.

આમાં છેલ્લી પંક્તિનો બીજો પાઠ નીચે મુજબ મળે છે:

"નેવે તે નવરંગ ચૂંદડી રે"

'મોરલાની માયા'માં પુરુષ-સહજ જાતીય ઇર્ષ્યાનું ચિત્ર અંકાયું છે:

રોતાં ને રસકતાં રાણીએ,
મોરલીઆને મોક્યો રાજ, મોરલીઆને મોક્યો રાજ,
આંસુએ સમકાવ્યો વનનો મોરલો.

રાણીને પાણી ભરીને આવતાં વાર લાગી. એટલે નણંદીએ બાતમી આપી કે રાણી મોરલા સાથે રમતાં હતાં. તેથી રાજાએ મોરલાને માર્યો, રાણી પાસે તેનું શાક તૈયાર કરાવ્યું. સ્ત્રીસહજ નિખાલસતા અને તેમાંથી જન્મતી કરુણતા હૃદયસ્પર્શી બાનીમાં વ્યક્ત થઇ છે.

'ઇકમસ્તીના ગીતો'ની શ્રેણીમાં 'જોબનિયાને રાખો' નામનું ગીત ટીપણાં ટીપતાં મજૂરો ગાય છે એવી નોંધ મૂકી છે. યૌવન કેવું તો ચંચળ હોય છે તે દર્શાવ્યું છે:

જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે,
જોબનિયું કાલ્ય જાતું રે'શે !

પછી જોબનિયાને ક્યાં ક્યાં અને કેવી રીતે સાચવી રાખવું તેની વિગતવાર યાદી આપી છે.

'ચંદ્રાવળી', 'કણબણ કડવલી' અને 'પારવતી' એ ત્રણ રાસડા છે. એમા પણ 'ચંદ્રાવળી' રાસડામા મેઘાણીએ પાદટીપમા આપેલ બરડાનો, ગોહિલવાડનો એમ વિવિધ પાઠાંતરો પણ તપાસવા જેવા છે.

સંતાનવિહોણું સ્ત્રીત્વ સમાજમા ટીકાને પાત્ર ગણાયુ છે. નિઃસંતાન સ્ત્રીના દુઃખને વાચા આપતા ગીતોમા 'વાંઝિયા', 'વાંઝિયા-મેણા' અને 'દીકરાની ઝંખના'નો સમાવેશ થાય છે. 'વાંઝિયાં' મા તો કુદરત પણ આવી સ્ત્રીને તરછોડે છે તેનું વર્ણન છે:

લીલૂડા આંબા સુકાઇ ગિયા ધન્ય રમતા રે,
કોયલડી કરે રે કલ્પાંત કે માહેવ જાતા રે.

ભર્યાં સરોવર સુકાઇ ગિયા ધન્ય રમતા રે,
માછલડી કરે રે કલ્પાંત કે માહેવ જાતા રે.

'વાંઝિયા-મેણા' મા વાંઝણી સ્ત્રી કહે છે:

મારા જેઠના તે મારા પેટના રે,
મારા દેરના તે મારા વીરના રે,
મારી નણદીના તે મારા ધરમના રે,
મારી શોકયના તે અડધા અંગના રે.

'દીકરાની ઝંખના' એ આ પ્રકારનુ લોકપ્રિય નીવડેલુ ગીત છે. સીમંત પ્રસંગે સૂર્યરાણી રન્નાદેની સમક્ષ સંતાનવિહોણી સ્ત્રી ગાય છે:

લીંપ્યુ ને ગૂંપ્યુ મારુ આંગણું;
પગલીનો પાડનાર હોને રન્નાદે !
વાંઝિયા-મેણા માતા દોહ્યલા.

કેટલેક સ્થળે 'લોને' બદલે 'દીયોને' અને 'માતા' ને બદલે 'માડી' બોલાય છે. પુત્રની કામના ફળ્યા પછી આખું ગીત આ પ્રમાણે ગવાય છે:

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું;
પગલીનો પાડનાર દીધો રન્નાદે !
અનિરુધ્ધ કુંવર મારો લાડકો.

'ભવના અબોલા' ની પંક્તિયોજના 'અબોલા ભવ રહ્યા' ગીતની સાથે મળતી આવે છે. પ્રસ્તુત ગીતમાં દુ:ખી સ્ત્રી પિતાને વિતકકથા સંભળાવે છે:

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં,
મેં તો કાચનાં કર્યાં કમાડ,
મોરી સૈયરું ! અબોલા ભવ રિયા.

'હાલરડાં અને બાલગીતો'ની શ્રેણીમાંનું 'દેવનાં દીધેલ' ગીત વધારે જાણીતું બન્યું છે:

તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો' !

બાળકને પોઢાડતી વખતે માતા ગાય છે:

સાવ રે સોનાનું મારું પારણિયું ને
ઘૂઘરીના ઘમકાર, બાળા પોઢોને !

'રઢિયાળી રાત ભાગ-૨'માં વિવિધ વિષયો આલેખતાં બસો દસ લોકગીતો છે. આ સંગ્રહમાં પણ વિષયવાર વિભાગીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે:

(૧) રાસગીતો, (૨) રમત-રાસડા, (૩) કાનૅ-ગોપી, (૪) ઋતુગીતો, (૫) જ્ઞાનગીતો, (૬) રમકડાં, (૭) ઇતિહાસ ગીતો, (૮) ગીત-કથાઓ, (૯) નવરાત્રિનાં જોડકણાં. પુસ્તકને અંતે પહેલા ભાગની જેમ સોરઠી લોકબોલીના, ગીતોમાં પ્રયોજાયેલા, શબ્દોનો કોશ મૂકયો છે. "નવરાત્રિનાં જોડકણાં" નો વિભાગ પુસ્તકના બંને ભાગોમાં જોવા મળે છે. એટલે કે આ વિષય બેવડાયો છે. સંપાદનમાં એક દૃષ્ટિએ ખામી લાગે છે; કારણ કે આ પ્રકારનાં ગીતો એક જ સંગ્રહમાં, એક જ સ્થળે, એક જ શીર્ષક હેઠળ મૂકી શકાયાં હોત. બીજું, આ વિષય-વિભાગનું પુનરાવર્તન કરવા પાછળનું કોઇ પ્રતીતિજન્ય કારણ જોવા મળતું નથી. આવી વિગત સંપાદકની ધ્યાન બહાર રહી ગઇ લાગે છે. આવા પ્રસંગે લાગે છે કે મેઘાણી લોકસાહિત્યના સંપાદનમાં સર્વત્ર ચોકસાઇ કે શાસ્ત્રીયતા દાખવી શકયા નથી.

"ઇતિહાસ-ગીતો" પણ રાસડાનો જ એક પ્રકાર છે. આ વિભાગમાં પણ કેટલાક ઉત્તમ કહી શકાય તેવા રાસડા છે, તેને અલગ તારવીને "ગીતકથાઓ"ના વિભાગમાં મૂકયા હોત તો વિભાગી-કરણ સ્વરૂપ દૃષ્ટિએ વધુ શાસ્ત્રીય થાત. "પાર્વતીનાં પારણાં", "હરચંદ રાજા", "બાળુડો જોગી", "ધોધો ચહુઆણ", "નારસંગજી", "એમદ મિસ્ત્રી", "કાસમ તારી વીજળી", "કાદુ બહારવટિયો", "રાણકદેવડી" અને "ગુર્જરી" જેવાં ઇતિહાસ-ગીતોના વિભાગમાં મૂકેલા રાસડા એનું સ્વરૂપ જોતાં "ગીતકથાઓ"ના વિભાગમાં સમાવવાં જોઇતાં હતાં. જે સમયે મેઘાણીએ લોકસાહિત્યનું સંશોધન - સંપાદન કર્યું તે વખતે વૈજ્ઞાનિક વિભાગીકરણ વિશે ઝાઝી ચર્ચા-વિચારણા થઇ નહોતી; તેથી એનો લાભ એમનાથી લઇ શકાયો નથી.

રાસગીતોમાં ગેયતત્ત્વ પ્રાણભૂત તત્ત્વ મનાયું છે. પૂર્વભૂમિકામાં સંપાદકે આ જાતનાં રાસગીતો કેવી વિવિધ પધ્ધતિએ રચાય છે, તેના શબ્દોની યાદી આપી છે:

[૧]

ઉતારા	ઓરડા, મેડીના મો'લ
બેસણ	સાગામાચી હીરભરી, માચી
દાતણ	દાડમી, કણેરી કામ્ય
નાવણ	કૂંડીઉ – તાંબાકૂંડીઉ
	નદીઓનાં નીર – ઝીલણિયાં તળાવ
ભોજન	લાપસી – સેવ – સુંવાળી – સાકરિયા કંસાર
મુખવાસ	એલચી, પાનનાં બીડાં પચાસ
	ઢોલિયા (સાગ સીસમના)
	હિંડોળા ખાટ્ય

[૨]

પગ પ્રમાણે	કડલાં, કાંબીઓ
કેડ પ્રમાણે	ઘાઘરો, ઓઢણી
હાથ પ્રમાણે	ચૂડલી, ગૂજરી
ડોક પ્રમાણે	ઝરમર, તુલસી
નાક પ્રમાણે	નથડી, ટીલડી

3

ધોધા શેરના	ઘોડલા
હાલાર શેરના	હાથીડા
વાળાક શેરની	વેલડી
દખણ શેરના	ડોળીઆ
ચીતળ શેરની	ચૂંદડી
સુરત શેરની	બગડી
મુંબઇ શેરનાં	મોતીડાં

૪

કંસારાનાં હાટ	હેલ્યડી
સોનીડાના હાટ	ઝૂમણું, નથડી
દોશીડાના હાટ	ચૂંદડી
મણિયારાના હાટ	ચૂડલી

ઉપર્યુકત યાદી લોકસાહિત્યના સર્જન માટે માર્ગસૂચક સ્થંભ જેવી છે. એમા લોકસંસ્કારનું પણ પ્રતિબિંબ જોઇ શકાય છે. સંસ્કારિતાનો વિકાસ કાળક્રમે કેવો થતો ગયો તે લોકસાહિત્યના અધ્યયન દ્વારા જાણી શકાય છે. અન્ય અભિજાત સાહિત્ય કરતાં લોકસાહિત્યની આ એક ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા નોંધપાત્ર છે.

"સ્વપ્ના"માં "ડે-ડ્રિમિંગ"નું નિરૂપણ આસ્વાદ્ય બન્યું છે. એમાં સસરાની ડુંગર સાથે કરેલી તુલના અને સાસુને સ્નેહસરિતામાં નાહતાં કલ્પ્યાં છે તે ચિત્ર ખરેખર હૃદ્ય છે:

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,

ખળખળતી નદીઉં રે સાહેલી મારા સ્વપ્નામાં રે.

આ યાદીમાં જેઠ, જેઠાણી, દિયર, દેરાણી, નણદોઈ, નણંદ વગેરે સ્વજનોનો વિવિધ ઉપમા આપીને સમાવેશ કર્યો છે. આ ગીતના અન્ય પાઠભેદો પણ પાદટીપમાં મૂકયા છે, જે તુલનાત્મક અભ્યાસ માટે ખપમાં લાગે તેવા છે.

'રંગની રમત' ગીતમાં પતિ-પત્ની વચ્ચે પ્રત્યેક રંગની સુંદરમાં સુંદર વસ્તુ શોધી કાઢવાની સ્પર્ધા ચાલે છે. આ પ્રકારનાં ગીતોને લોકસાહિત્યમાં સમસ્યા ગીતો કહે છે. રામ-સીતાના સંવાદ દ્વારા ગીતની શરૂઆત થાય છે:

રામ ને સીતા વાદ વદે,

લાવજો રે એક ધોળું ફૂલ ! રદા કમળમાં રામ રમે.

ધોળાં પ્રભુજીનાં ધોતિયાં,

ધોળી રે બગલાની પાંખ, રદા કમળમાં રામ રમે.

લોકકવિ સંવાદતત્ત્વ પાસેથી કેવું કામ કઢાવી લે છે તે આવા ગીતોના નમૂના ઉપરથી જાણી શકાય છે. પદ્યમાં સંવાદ ગોઠવતી વખતે તે ભાષાને કેવી રીતે પલોટે છે તેનું પણ એ દ્વારા નિદર્શન થાય છે.

લીલી કન્યાની કાંચળી,

લીલી રે પોપટની પાંખ, રદા કમળમાં રામ રમે.

એ કડીનું પાઠાંતર નીચે મુજબ જોવા મળે છે:

લીલો પોપટ પાંજરે,

લીલી રે એક નાગરવેલ, રદા કમળમાં રામ રમે.

એ જ પ્રમાણે –

કાળો કન્યાનો ચોટલો,
કાળો રે અષાઢી મેઘ, રઢા કમળમાં રામ રમે.

એ કડીનું પાઠાંતર નીચે મુજબ છે:

કાળો તે ગેમર હાથીડો,
કાળી તે કોયલડી ગાય, રઢા કમળમાં રામ રમે.

મેઘાણીની સંપાદન–પધ્ધતિમાં એક વસ્તુ જોવા મળે છે કે તેઓ જેટલા પાઠભેદ મળે તેટલા પાદટીપમાં મૂકે છે. એટલા પૂરતું એમનું લોક–સાહિત્ય–સંપાદન વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ગણાય.

'ક્યારે આવે !', 'ઘનઘોર' અને 'ડોલરિયો દરિયાપાર' એ ત્રણે ગીતોમાં વર્ષાઋતુનું વર્ણન આપ્યું છે. આ ગીતોને ખરેખર ઋતુગીતોમાં સમાવવાં જોઇએ. 'ડોલરિયો દરિયાપાર' ગીતમાં વિરહિણી સ્ત્રી કરુણરસનો આલંબન વિભાવ બને છે:

એક હાલાર શેરના હાથીડા,
કંઇ આવ્યા અમારે દેશ, મોરલી વાગે છે;
છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયાપાર, મોરલી વાગે છે.

આ ગીતનું જેવું જ આલેખન 'માનેતી આંખ' ('મેંદી રંગ લાગ્યો રે') ગીતમાં જોઇ શકાય છે. વિજોગણ સ્ત્રીની વિરહવ્યથાને આલેખતાં ગીતો એક શ્રેણીમાં મૂકવાં જોઇએ. મેઘાણીના હાથે આવું સર્વત્ર થઇ શક્યું નથી.

ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર !
હાલોને જોવા જાયેં રે,
મોરલી વાગી રે રાજાના કુંવર.

"રાજાના કુંવર" ગીતની ઉપર્યુક્ત પદાવલિ સુંદર કવિ કલ્પનાનો નમૂનો છે.

"બંસી બજાવે", "એક જ રાત", "મોતનમાલા", "હિન્દવાણી-મુસલમાની" વગેરે મુસલમાની ગીતો છે. મેઘાણીએ આવા ગીતોને ભલે "રાસડા"નું નામ આપ્યું હોય, પણ તાત્ત્વિક દૃષ્ટિએ તે અંગ્રેજીમાં જેમને બૅલેડ કહે છે તે પ્રકારના નથી. આ ગીતોમાં ગુજરાતી અને અશુધ્ધ હિન્દીનો પ્રયોગ જોવા મળે છે. એ કાળે પરપ્રાંતની ભાષાનું આદાન-પ્રદાન થતું હોવું જોઈએ. "ઘાઘરો", "ઈજાર" જેવા શબ્દો દ્વારા બે જુદી જુદી સંસ્કૃતિ ધરાવતી સ્ત્રીઓના પહેરવેશનું સૂચન કર્યું છે. મેઘાણીએ આ ગીતોને "ગીતકથાઓ"ના વિભાગમાં મૂક્યા નથી તે પણ સૂચક છે. સ્વરૂપદૃષ્ટિએ આ કૃતિઓ રાસ પ્રકારની છે. સંપાદકે તેથી એમને "રાસગીતો"ના વિભાગમાં મૂકી છે.

"રમત-રાસડા" નામના વિભાગમાં જુદી જુદી રમતોને વિષય બનાવતાં ગીતોનો સમાવેશ કર્યો છે. "કોણ કોને વાલા !" ગીતમાં કોને શું શું પ્રિય છે તેની યાદી આપી છે.

અસ્ત્રીને વાલો કંચવો રે,
કંચવાને વાલો હાર, માછલડીને જળ વાલા રે.

"કોયડા" એ સમસ્યા ગીત પધ્ધતિનું લોકગીત છે. એમાં દરેક કડીમાં ઉખાણાં મૂક્યા છે અને અંતે કૌંસમાં તેના જવાબો આપ્યા છે.

મધ્યકાલીન પદ્યાત્મક લોકકથાઓમાં લગ્નોત્સુક કન્યા ભાવિ પતિની આવા ઉખાણાં પૂછીને પસંદગી કરતી એવું આલેખન જોવા મળે છે. શામળ ભટ્ટ રચિત 'મદન-મોહના'માં આવા ઉખાણાં જોવા મળે છે. પ્રસ્તુત ગીતમાંના કેટલાક ઉખાણાં નીચે પ્રમાણે છે:

ભેંસ વીંઆણી પાડો પેટમાં રે, દૂધ કચોળે જાય વા'લા,
ચતુર હોય તો સમજી રે લેજો, મૂરખ કરે વિચાર વા'લા.
(અર્થ : પાકેલી કેરી)

સાસુ, વવારૂ, મા, દીકરી રે, ચારેનો એક ભરથાર વા'લા,
ચતુર હોય તો સમજી રે લેજો, મૂરખ કરે વિચાર વા'લા.
(અર્થ : સાડલો)

'ઊભા રો' રંગ રસિયા!' એ ગુજરાતની સ્ત્રીઓમાં વધુ જાણીતો થયેલો ગરબો છે:

સોના ઈંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભા રો' રંગ રસિયા !
પાણીડાં ગઈ'તી તળાવ રે
નાગર ઊભા રો' રંગ રસિયા !

'સોનાની ઈંઢોણી'નું વર્ણન કરીને લખાયેલા ગીતો 'રઢિયાળી રાત ભાગ-૧'માં ચાર જેટલા છે: (૧) 'વગર વાંકે', (૨) 'મોરલાની માયા', (૩) 'ભોળી જમના', (૪) 'હરિયાનાં ફૂલ' વગેરે. 'રઢિયાળી રાત-૨'માં એ પ્રકારનાં છ ગીતો છે: (૧) 'ઊભા રો' રંગ રસિયા !', (૨) 'લીંબુડું ઝૂલે', (૩) 'સેંજળીઆરી સર', (૪) 'રાજલ કોયલડી રે', (૫) 'છેલ રમે ગેડી દડે', (૬) 'જવલભા' વગેરે. આ વર્ણનનું પ્રાચુર્ય જોતાં લાગે છે કે લોકજીવનમાં 'સોનાની ઈંઢોણી' અને 'રૂપાનું બેડલું'ની ભાવના પ્રતીકાત્મક રીતે વણાયેલી હોવી જોઇએ.

'મહીસાગરને મેળે' એ મધ્ય ગુજરાતનું લોકગીત છે. એમાં વર્ણવાયેલી શણગારની સામગ્રી કડલાં, કાંબી, ચૂડલા, ઓઢણી, લળિયા, ગૂલર વગેરે તળપદા લોકજીવનના દ્યોતક નમૂના છે: 'અલી રાજી વઉ ! કડલાંનાં દાન કરતાં'તાં'.

'કાન-ગોપી' વિભાગનાં ગીતો મુખ્યત્વે કૃષ્ણ અને ગોપીના સંબંધને ગાય છે. 'જનેતાના હૈયામાં' લોકગીતમાં સગર્ભા માતાના પ્રત્યેક મહિનાના અનુભવોનું વર્ણન છે. એમાં બાળજન્મ સમયની વિધિનો પણ નિર્દેશ થયો છે. દેવકી પોતાની વેદના વર્ણવતાં કહે છે:

મેં તો સાત જણ્યાં તોય વાંઝિયાં રે હરનું હાલરડું,
હવે આઠમાની કરવી શી આશ રે ગોવિંદજીનું હાલરડું.

આ ગીતમાં પણ 'સોનાની ગેડી' અને 'રૂપાનો દડો'નું વર્ણન થયું છે:

સોના ગેડી ને રૂપલા દડૂલિયો રે હરનું હાલરડું,
જળ જમનાને કાંઠડે દોટાવ્યો રે ગોવિંદજીનું હાલરડું.

દેવકીની સાત સંતાનો ખોયાની વેદના 'બાપના વેર' ગીતમાં પણ વ્યક્ત થઈ છે:

દેવકી પૂછે જશોદા કેમ દૂબળાં રે લોલ,
મેં તો સાત જણ્યાં ને હજી વાંઝિયાં રે લોલ.

જશોદા અને દેવકી વચ્ચે બહેનનો સંબંધ સ્થાપીને લોકકવિએ નવું પરિમાણ દર્શાવ્યું છે. (દા.ત. 'જનેતાના હૈયામાં' અને 'બાપના વેર')

'સોનાની ઝૂલડી' અને 'રૂપાના ધાગા' નું વર્ણન 'કાન કુંવરની ઝૂલડી'માં જોવા મળે છે:

સાવ સોનાની ઝૂલડી મહીં રૂપાના છે ધાગા,
અવર લોકને અરધે નહિ મારા નંદકુંવરના વાધા.

'મોતીના વાવેતર'ની ભવ્ય કલ્પના આ ગીતને ઊર્મિકાવ્યની કોટિએ લઇ જાય છે. એમાં કૃષ્ણના પાલકપિતા નંદની વિગતોનું નિરૂપણ થયું છે:

એક મોતીમાં શું વેચીએ જી રે શામળિયા,
મોતી વાવ્યાં ઘણેરાં થાય નંદજીના નાનડીઆ.

'કાગળ' ગીત કૃષ્ણ – કુબ્જાના પ્રેમને વ્યકત કરે છે. આ જ કથાવસ્તુ ઉપરથી લખાયેલું શ્રી ઉમાશંકર જોશીનું "કુબ્જા" નામનું પદ્યનાટક પણ જાણીતું છે. 'કાગળ' માંનું નિરૂપણ નીચે મુજબ છે:

રે કાગળ દેજો કાનુડાને જઇ.
કંસની દાસી ઓલી કુબ્જા ને
તેસું પ્રીત લગઇ;
જાદવ કુ કુળ લજાવિયું રે વા'લા
લજાવ્યા બળિભદ્ર ભાઇ રે. – કાગળ.

'કોઇ દેખાડો'માં રાધાની કૃષ્ણ–તલસન વ્યકત થઇ છે:

મન ધાનડિયાં નથી ભાવતાં રે લોલ,
મોતડિયાં નથી આવતાં રે લોલ.

'ઘટે નહિ તમને રે !', 'મેણાં', અને 'રીસે ભર્યાં રાધાજી' એ ત્રણે ગીતો રાધાનું રૂસણું વ્યકત કરે છે. આ ત્રણે ગીતની શબ્દયોજના, પ્રાસતત્ત્વ, ધ્રુવપંકિત વગેરે જેટલાં સાહજિક છે તેટલાં જ અસ્વાદ્ય પણ છે.

'ઋતુગીતો' વિભાગમાંના કેટલાક ગીતોમાં કારતક મહિનાથી માંડીને આસો મહિના સુધીનું આલેખન થયું છે. બારમાસા નામનો કાવ્યપ્રકાર પણ આ પ્રકારને મળતો આવે છે. 'રાધા હરિ રમે' માં પંદર તિથિનું વર્ણન છે. આ જાતનાં ગીતને તિથિ-ગીત કહેવામાં આવે છે. 'નૈ જાવા દઉં ચાકરી રે' એ વેરણ-ચાકરીનું ગીત છે. એમાં વર્ષાઋતુનું વર્ણન કરવામાં આવ્યું છે. પરણેતર સ્ત્રી એના પતિને સંભળાવે છે:

તમને વા'લી દરબારી ચાકરી રે,
કે અમને વા'લો તમારો જીવ,
ગુલાબી ! નૈ જાવા દઉં ચાકરી રે ! - આભમાં.

'રમકડાં' વિભાગનાં ગીતોમાં 'રંગમાં રોળ્યાં વાલમિયા' એના ગેયતત્ત્વને કારણે લોકહૈયે વસી ગયું છે:

'સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં વાલમિયા.'

'ઇતિહાસ - ગીતો'નો વિભાગ વિષય તેમ જ સંખ્યાની દૃષ્ટિએ ઘણો સમૃધ્ધ છે. આ વિભાગમાંનાં 'હરચંદ રાજા', 'બાળુડો જોગી', 'નારસંગજી', 'એમદ મિસ્ત્રી', 'કાસમ તારી વીજળી', 'કાદુ બહારવટિયો', 'રાણકદેવડી' અને 'ગુર્જરી' જેવાં ગીતો સ્વરૂપદૃષ્ટિએ રાસડામાં આવે છે, એટલે એનો સમાવેશ 'ગીતકથાઓ'ના વિભાગમાં કરવો જોઇતો હતો.

'હરચંદ રાજા' ગીતમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું આલેખન છે:

હરચંદ વેચે એની રાણીઉં રે,
રાણીઉંમાં કુંવરિયા વેચાય રાજા હરચંદર
હરચંદ રાજાને વેળા બહુ પડી રે.

'બાળુડો જોગી'માં રાજા ગોપીચંદના વૈરાગ્યનું સૂચન છે:

પાલખી ન જોયે બેનીબા રાજ નવ જોયે જો,
કરમે લખ્યો છે ભગવો ભેખ રે ભરથરી.

'જમિયલશા પીર'માં જમિયલશાએ ગાયનો ભોગ ન લીધો, અને અહિંસકપણું બતાવ્યું, તેની લોકસમાજ પર ઊંડી અસર પડી છે:

પીર હાક મારીને જમિયલ જાગિયા રે,
પાછી લઇ જાને ગોરલી ગાય રે બામણિયા,
મારી માનતા આવી અળખણી રે.

'કાસમ તારી વીજળી !' માં કાસમ શેઠની 'વીજળી' નામી આગબોટ કચ્છથી મુંબઇ જતાં, રસ્તામાં મહુવા નજીક ડૂબી ગઇ તેનું વર્ણન છે. આ કરુણ વર્ણન શ્રોતાજનોને રડાવે તેવું હૃદયસ્પર્શી છે:

પીઠી ભરી તો લાડડી રુએ,
માંડવે ઊઠી આગ. — કાસમ તારી.

'કાદુ બહારવટિયો' ગીતમાંનો કાદુ, મકરાણી કોમનો હતો. તે જૂનાગઢ રાજ્ય સામે બહારવટે નીકળ્યો હતો:

ડુંગરે ડુંગરે કાદુડાના ડાયરા;
દારૂગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ !
આ ગીતનાં બે પાઠાંતર પાદટીપમાં મૂકેલાં છે.

'રાણકદેવડી'ની ઐતિહાસિક લોકકથા સુવિખ્યાત છે. આ ગીતમાં ભાણેજનું નામ જાળહળ (જેસળ) છે, તે ઇતિહાસની

વિગતો પ્રમાણે દેશળ હોવું જોઇએ. અહીં ભાણેજ મામી પર કુદૃષ્ટિ કરે છે, અને મામીનું અપમાન મળતાં પોતે જ જઇને રા'ખેંગારને મારે છે; જ્યારે ઇતિહાસ એવું જણાવે છે કે દેશળ તો રાજ્યલોભને ખાતર કેવળ ફૂટીને સિધ્ધરાજની સેનાને તેડી લાવે છે અને સિધ્ધરાજ પોતે જ રા'ખેંગારને મારે છે. આવા આલેખન દ્વારા દેશળના પાત્રને અન્યાય થાય છે. આ ગીતમાંથી પ્રતીત થાય છે કે સંપાદકે ઇતિહાસ સાથે છૂટ લીધી છે; અને તેને વિકૃત બનાવ્યો છે.

"ગુર્જરી" એ ઇતિહાસ-વિષયક પ્રલંબ રાસડો છે. એમાં ગુજરાતી અને મુસલમાનોની ભાષાનું મિશ્રણ થયેલું છે. કોઇ ગુર્જર લોકકવિએ આ રચના રચી હોય અને તેમાં બાદશાહવાળો પ્રસંગ આવતો હોઇ તેનું વાતાવરણ સર્જવા હિન્દી બોલીના શબ્દો ઉમેર્યા હોવાની શકયતા છે. આ ગીત એના પ્રસ્તારને કારણે આજે ગવાતું નથી. એનો પહેલો પરિચય એક પારસી વિદુષી પુતળીબાઇ કાબરાજીએ "ધ ઇન્ડિયન એન્ટીક્વેરી"માં આપ્યો હતો. એક પારસી વિદ્વાને (ફ૦ બ૦) "ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતા"માં ગદ્યકથાના સ્વરૂપે તેનો પરિચય આપ્યો હતો. મહીપતરામ નીલકંઠે પણ "વનરાજ ચાવડો" નવલકથાને અંતે આ ગીત ટાંકયું છે. સ્વ. રસિકલાલ પરીખે તેનું "મેના ગુર્જરી" નામે નાટક ઉતાર્યું છે. કાબુલના બાદશાહની અભિલાષા આ ગીતમાં વ્યકત થઇ છે:

> કે બાદશાહ કહેવે સુણ ગુજરી, તુમ સુણો અમેરી બાત રે,
> કે કાથ કથીરમેં ક્યા પહેરના, ગોરી પેરો સોના શેર રે.

આ કલાત્મક રાસડામાં એક વધારાના પ્રસંગનું ઉમેરણ છે, તેમાં ધાર્મિક સંકુચિતતાનું પ્રતિબિંબ પડે છે:

કે ક્યાંથી ગુજરી ચાલિયાં ને ગિયાં પાવાગઢમાંય રે,
કે પાવા તે ગઢમાં અલોપ થઇ ગઇ મહાકાળી કહેવાય રે.

'ગીતકથાઓ' વિભાગમાં 'સીતા વનવાસ' એ લાંબો રાસડો છે. આ ગીતમાં નામો તથા ઘટનાઓના ગોટાળા છે. છતાં એમાં કરુણરસનું આલેખન ધ્યાનપાત્ર છે:

ધરતી રે ધરતી માવડી રે મને મારગ દેજો !
ધરતી ફાટી મારગ દીધલા રે, સીતા ભોંમાં સમાણાં.

'જળદેવતાને બલિદાન'માં ગામોના જળાશયોને લગતી કથા છે. નવાણમાં પાણી નથી આવતું. તેથી લોકો એવું માને છે કે જળદેવતા ભોગ માગે છે. ગામનો ઠાકોર પોતાના વહુ-દીકરાનું બલિદાન ચઢાવે છે. દાંપત્યની વહાલપ, વાત્સલ્યની વેદના, સમાજસુખ કાજે સ્વાર્પણ એવી ત્રણે લાગણી અનુભવતું દંપતી જળસમાધિ લે છે. લોકજીવનની આ કરુણગાથાએ કેટલાયે હ્રદયને રડાવ્યાં છે:

બાર બાર વરસે નવાણ ગળાવિયાં,
નવાણે નીર નો આવ્યાં જી રે !

'ચૂંદડી ભાગ-૧, ૨'માં મેઘાણીએ ગુર્જર લગ્નગીતોનું સંપાદન કર્યું છે. આ સંપાદનમાં પણ 'રઢિયાળી રાત'ની પરંપરા પ્રમાણે, પ્રારંભમાં જ ગીતની પ્રથમ પંક્તિની સૂચિ આપી છે. ચારણગીતો, કાઠી-રજપૂતનાં ગીતો, મિશ્રગીતો, મારવાડી લગ્નગીતો અને ખાયણાં વગેરે વિભાગ હેઠળ વૈવિધ્યસભર લગ્નગીતોનો પરિચય કરાવ્યો છે.

પુસ્તકના નિવેદનમાં સંપાદકે આ ગીતો જેમની પાસેથી મળ્યાં, તેમનો નમ્રભાવે ઋણસ્વીકાર કર્યો છે. આ રીતે લોકગીતોનું પ્રાપ્તિ-સ્થાન નોંધીને તેમણે સંપાદનમાં એક પ્રકારની શાસ્ત્રીયતા દાખવી છે તેનો ઉલ્લેખ કરી લેવો જોઇએ. આ પ્રકારનાં ગીતો મોટે ભાગે બહેનો પાસેથી પ્રાપ્ત થઇ શક્યાં છે. ચારણી ગીતો ચલાળાવાળાં ગં.સ્વ. મણિબેન તથા ચમારડીના ચારણબંધુ શિવદાનભાઇ પાસેથી મેળવ્યાં છે. કાઠી ગીતો હડાળાના દરબાર શ્રી વાજસૂરવાળાના કુટુંબનાં માતા, બહેનો પાસેથી મેળવ્યાં છે, અને તે ગીતો કાઠી-મિત્ર હાથીભાઇ વાંકે લખી મોકલ્યાં છે. રજપૂત ગીતો ભાવનગરના જગજીવન બધેકાએ આપ્યાં છે. પારસી ગીતો નવસારીથી પારસી બહેન શિરીન-બહેને મેળવી આપ્યાં છે. એ જ પ્રમાણે "ખાયણાં" સુરતના શ્રી ઇશ્વરલાલ વીમાવાળાએ ભેગાં કરી આપ્યાં છે. કેટલાક ગીતોની પ્રત સંપાદકને બીજા પાસેથી લખાયેલી મળી છે, એટલે મેઘાણી તેને જ શ્રધ્ધેય માનીને આગળ ચાલ્યા છે. સંપાદક પોતે હસ્તપ્રત બનાવે અને કોઇ લહિયાની તૈયાર હસ્તપ્રતનો ઉપયોગ કરે એ બેમાં મોટો તફાવત છે. તૈયાર હસ્તપ્રતના ઉપયોગને કારણે એમનાથી કેટલીક વિગતોનું અન્વેષણ કરવાનું બની શક્યું નથી. ઋણસ્વીકાર કરવા પાછળનું પ્રયોજન જણાવતાં એમણે નોંધ્યું છે કે ગીતો કેટલી મુશ્કેલીથી સાંપડે છે તેનો એ દ્વારા ઇતિહાસ રજૂ કરવાનો આશય છે. આ મુશ્કેલીઓનો ઇતિહાસ ઘણો લાંબો છે. તેઓ માને છે કે આ પ્રકારનાં સંપાદનોમાં વિવેકની ચાળણી જેટલી ઝીણી રખાય, તેટલે અંશે વિટંબણાઓ વધે એ દેખીતું છે. એટલે જ તેમણે એક-બે ગીત આપનાર ભાઇ કે બહેનને પણ સંભારી લીધાં છે. પુસ્તકનો ત્રીજો ભાગ આપવાનો એમનો અભિલાષ નિવેદનમાં પ્રગટ થાય છે: "ગુજરાતી ભાષાના સીમાડા કેટલા પહોળા ને

કેટલા નવરંગી છે, તે દેખાડવાનું અભિમાન પણ છોડી શકાતું નથી, એટલે ત્રીજો સંગ્રહ દેવો રહે છે."[1] મેઘાણીએ પોતાનો કાર્યપ્રદેશ પણ નક્કી કરી લીધો હતો; તેથી જ તેમણે ઉલ્લેખ કર્યો છે કે સૌરાષ્ટ્ર બહારના ગુજરાતના સંગ્રહો તો ત્યાંના ઉત્સાહી ભાઇબહેનો કરે એ અપેક્ષિત છે. પંજાબી લોકગીતો મૂકીને તેમણે તુલનાત્મક અભ્યાસદૃષ્ટિનો પરિચય કરાવ્યો છે, તે ઉલ્લેખનીય બાબત છે. અન્ય પ્રાંતોનાં ગીતોની તપાસ તથા સંદોહનમાંથી સંસ્કારજીવનની સુવાસ પામી શકાય છે. પુસ્તકના પ્રારંભમાં, અન્ય સંગ્રહોની જેમ, ગીતની પ્રથમ પંક્તિની એક સૂચિ મૂકીને મહત્ત્વનું કામ કર્યું છે.

'ચૂંદડી ભાગ-૧' (૧૯૨૮) માં સત્તાણુ લગ્નગીતો મૂક્યાં છે. એમાં વિભાગીકરણ આ પ્રમાણે છે:
(૧) સ્વયંવર વિભાગ, (૨) શણગાર વિભાગ, (3) દર્શન વિભાગ, (૪) મિલન વિભાગ અને (૫) જીવન. આ પ્રત્યેક વિભાગમાં અનુક્રમે દસ, એકત્રીસ, વીસ, ચોવીસ અને બાર લગ્નગીતો મૂકેલાં છે. આ સંપાદનના પ્રારંભે મૂકેલો 'ચૂંદડીના રંગો' નામનો પ્રવેશક સંપાદકની અભ્યાસ-પરાયણવૃત્તિનો સારો પરિચય કરાવે છે. લગ્નગીતોના સંદર્ભે સંપાદકે કરેલું ઉપર્યુક્ત વિભાગીકરણ લગ્નવિધિઓની દૃષ્ટિએ ક્રમિક પધ્ધતિનું નથી. આ ગીતો કયા પ્રસંગે ગવાતાં હતાં, તેની નોંધ અનુક્રમણિકામાં મૂકીને જરૂરી વિગતો સમાવી લીધી છે, તે યોગ્ય થયું છે.

આ સંપાદનના પ્રારંભે 'ગણેશ દુંદાળા' નામનું ગીત મૂક્યું છે. હિન્દુ સમાજમાં દરેક ધાર્મિક વિધિ વખતે ગણેશની પૂજા કરવાનો ચાલ છે,

તેનો એ નિર્દેશ કરે છે. ઘણાખરા ગીતોની પૂર્વે સંપાદકે માહિતીપ્રદ નોંધ મૂકીને ખૂટતી કડી ઉમેરી છે, એટલું જ નહિ સામગ્રીને સાધાર બનાવી છે. જ્યાં જ્યાં પાઠાંતરો મળ્યા છે, ત્યાં ત્યાં પાદટીપમાં તે મૂક્યાં છે, અને ક્યારેક પોતાના તરફથી ટીકાત્મક ટૂંકી નોંધ પણ મૂકી છે. લોકસાહિત્યના સંપાદકે પ્રાપ્ય હોય, તો માત્ર પાઠાંતરો જ આપવાના છે, તેની યથાર્થતાની ચર્ચામાં ઉતરવાનું નથી. મેઘાણી એ અર્થમાં લોકસાહિત્યના સંપાદકના નીતિનિયમોને વળગી રહ્યા છે.

'સ્વયંવર' નામના વિભાગમાં પ્રથમ ગીતના પ્રારંભે જ એક પંક્તિ આ પ્રમાણે છે: ' ધરતીમાં બળ સરજ્યાં બે જણાં.'[2] પાદટીપમાં મૂકેલું પાઠાંતર આ પ્રમાણે છે: 'ધરતીમાં બલિહારી બે જણાં.'[3]

ઉપર્યુક્ત વિભાગના ત્રીજા ગીતમાં આ પ્રમાણે પાઠ છે:
'જી રે મેડીનું માંડણ ઓરડો,
ઓરડાનું રે માંડણ રૂડી પરસાળ વધાવો મેં સૂણ્યો'.[4]
પાદટીપમાં મૂકેલ પાઠાંતર આ પ્રમાણે છે:

'જી રે ઓરડાનું માંડણ રૂડો દીવડો,
દીવડાનું રે માંડણ રૂડી જ્યોત – વધાવો.'[5]

ઉપર આપેલા બંને પાઠ ઝીણવટથી જોતાં બંનેમાં રજૂ કરેલી વિભિન્ન વિગતો ધ્યાનમાં આવશે: પહેલા પાઠમાં મેડીનો નિર્દેશ છે, જે બીજા પાઠમાં નથી. પહેલા પાઠમાં ઓરડાની શોભા તરીકે પરસાળને ગણાવી છે, જ્યારે બીજા પાઠમાં દીવાને ઓરડાની શોભા તરીકે વર્ણવ્યો છે. આમ, એક જ વસ્તુ (ઓરડા) વિશેની બે જુદી જુદી

સંકલ્પના રજૂ કરી છે. પ્રથમ પાઠના અનુલક્ષમાં જ જો બીજો પાઠ મૂકયો હોય તો બંને વચ્ચે કોઇ પ્રકારનું સામ્ય કે સાતત્ય જણાતું નથી.

લગ્નોત્સુક કન્યાના ચિત્તમાં પતિ વિશે કેવો ખ્યાલ હોય છે, તે ઉપર્યુકત વિભાગના છઠ્ઠા ગીતમાં જોવા મળે છે:

એક ઊંચો તે વર નો જોશો રે દાદા,
ઊંચો તે નત્ય નેવાં ભાગશે !
એક નીચો તે વર નો જોશો રે દાદા,
નીચો તે નત્ય ઠેબે આવશે ![૬]

આ ઉપરાંત, એ ગીતમાં કન્યાએ પોતાની પસંદગીનું ધોરણ અને તે માટેના કારણો પણ જણાવ્યા છે.

"શણગાર" વિભાગમાં છત્રીસમું ગીત માલણ અને તેના ગજરાને વિષય બનાવે છે. આમાં છેલ્લી બે પંકિત આ પ્રમાણે છે:

દાખે દલપત બીજું શું જાણે,
માલણ ગૂંથી લાવ ગુણીઅલ ગજરો.[૭]

પાદટીપમાં સંપાદકે લખ્યું છે: " કવિ દલપતરામના બે ત્રણ લગ્નગીતો પ્રચલિત છે. સૂક્ષ્મ રસદૃષ્ટિથી તપાસનારને આવાં કવિ-ગીત તથા શુધ્ધ લોક-ગીત વચ્ચેનો તફાવત સમજાશે." એનો અર્થ એ થયો કે ઉપર્યુકત લગ્નગીત લોકગીત નથી. જો એમાં દલપતરામનું કર્તૃત્વ હોય તો તેને લોકગીત કહી શકાય નહિ. સંપાદકે તુલનાત્મક અભ્યાસ માટે પણ, દલપતરામનાં અન્ય લગ્નગીતો મૂકયાં હોત તો જિજ્ઞાસુ અભ્યાસીઓને કીમતી સામગ્રી પ્રાપ્ત થાત.

જેમને ફટાણાંનું નામ આપી શકાય એવાં પરિહાસગીતો પણ આ સંપાદનમાં છે. 'દર્શન' વિભાગમાં પચાસમું ગીત આવા શબ્દોથી શરૂ થાય છે.

હાલતી મ્હાલતી નીસરી,
જાણે ભાદરવાની ભેંસ રે !'

કન્યા – પક્ષવાળા વરની માતાનો એ રીતે ઉપહાસ કરી આનંદ મેળવે છે, તે અહીં જોઇ શકાય છે.

'મિલન' વિભાગમાં અડસઠમું ગીત આ શબ્દથી શરૂ થાય છે:

*લાડો લાડી જમે રે કંસાર,
કંસાર કેવો ગળ્યો લાગે રે.[૯]

આ જ ગીત ક્યારેક રૂપાંતરિત થઇને પરિહાસમાં ઉતરી પડે છે:

લાડો લાડી જમે રે કંસાર
લાડીની મા ટળવળે રે
દીકરી મુને આંગળી ચટાડ
કંસાર કેવો ગળ્યો લાગે રે
માડી તું તો પરણી છો કે નહિ
રે કંસાર કેમ વીસરે રે ![૧૦]

સંપાદકે નોંધ્યું છે: "એથી એ પંક્તિઓને બદલે 'માંગલિક ગીતો' (સંગ્રાહક : બહેન જશકોર કુંવરજી આણંદજી) નામના સંગ્રહમાંથી ઉપલી નવી* સંસ્કારમય પંક્તિઓ રચીને મુકાયેલી તે અત્રે અપનાવી લીધી છે." અમુક પંક્તિથી 'જૂનું ગીત' પરિહાસમાં ઊતરી પડે છે, માટે તે વર્જ્ય છે; એવું સંપાદકનું વલણ શાસ્ત્રીય નથી. બીજા સંપાદનમાંથી, સંપાદક કેટલીક પંક્તિઓ ઉપાડીને પોતાના વડે સંપાદિત ગીત સાથે જોડી છે; એ ચેષ્ટા પણ બરાબર નથી. લોકગીતના સંપાદકે

કાપકૂપ કરવાની ન હોય; અણગમતું છોડી દેવાનું પણ ન હોય. ખરેખર તો લોકગીતોના સંપાદકે હકીકતોની યોગ્યાયોગ્યતાના નિર્ણયમાં પડવાનું હોતું નથી. આમ, ક્યારેક મેઘાણીની સંપાદનરીતિ ગેરમાર્ગે જતી જોવા મળે છે.

'ચૂંદડી ભાગ-૨' માં ચારણી ગીતોની શ્રેણીમાં સંપાદકે કેટલાક ગીતોની પૂર્વભૂમિકામાં નોંધ આપી છે, અને પાદટીપમાં શબ્દોના અર્થો આપ્યા છે.

મારુ ! તુંને ઉનાળાનો આંબો કરી રાખું રે
અંતરભીનીના સાયબાને
કેસરિયાને ખમ્મા હે માણારાજ ! ઘણી ખમ્મા !
('શી શી રીતે રાખું ?')

અહીં જોવા મળતો 'માણારાજ' શબ્દ સૂચક છે. કાઠી પુરુષોને માનપૂર્વક સંબોધવા માટે આ શબ્દ વપરાય છે, અને તે 'માણા' નામના કોઇ પૂર્વજ ઉપરથી ઊતરી આવ્યો હોય એવો નિર્દેશ મેઘાણીએ જ કર્યો છે.

'હરિના મીઠડાં' એ બ્રહ્માનંદ રચિત ગીત છે, તેથી એ લોકગીત બનતું નથી; તેમ છતાં ચારણો એને લોકસાહિત્યનું લગ્નગીત ગણીને લલકારે છે:

શોભે શોભે બ્રહ્માનંદનો લાલ
છોગલિયાં બિરાજે પચરંગી પાઘમાં જી માણારાજ !

'ઉપમા'માં ગામને પાદરે વરરાજાએ તાણેલા તંબૂનું વર્ણન છે:
* બાપાભાનો બોલેવો સ્વરૂપ
જાણે રે મોલુંમાં ભમરો ગુંજિયો જી માણારાજ!

'બોલેવો' (બોલવું), 'હાલેવો' (હાલવું) આ બંને શબ્દની રચના ચારણી વ્યાકરણની છે. તે અહીં 'બોલવાની ક્રિયા'ના અર્થમાં પ્રયોજાયેલ છે. તે ઉપરાંત 'બોલવા માટે' 'બોલેવા' પણ પ્રયોજાય છે.

'જોવા હેજો' માં કન્યાની વરને જોવાની ઉત્સુકતા વ્યક્ત થઇ છે:

માથે મેવાડાહંદા મોળિયાંવાળો વર,
ફરહર લટકે ફૂલ એ વર જોવા હેજો રાજ !

મેવાડાહંદા (મેવાડના) એ તળપદી લોકબોલીનો શબ્દપ્રયોગ છે. 'મેવાડાહંદુ', 'મેવાડાહુંદું', 'મેવાડાહુંદુ' વગેરે છઠ્ઠી, વિભક્તિમાં ચારણી સાહિત્યમાં વપરાય છે. આ પ્રકારની નોંધ મૂકીને મેઘાણીએ ભાષાલક્ષી અભિગમ પણ દાખવ્યો છે.

'કેસરિયાના તેડાં'માં વર કન્યાને બોલાવે છે ત્યારે કન્યા તેની પાસે ન જવાનાં બહાનાં બતાવી વિલંબ કરે છે તેનું આલેખન છે:

મોકલાવું મારી અવલ વેલડિયું
બેસી આવો મુજ પાસ ! - લાડી.
અવલ મેલડિયુંના પૈ રે ધડુકે
તેથી ડરું વરરાજ ! - લાડી.

'કાઠી રજપૂતનાં ગીતો'ની શ્રેણીમાં સંખ્યા તેમ જ વિષય દૃષ્ટિએ વૈપુલ્ય જોવા મળે છે. 'એ વર વરીએ' ગીતમાં કન્યાની પસંદગીનો આદર્શ વ્યક્ત થયો છે. 'એક ઊંચો તે વર નો જોજો રે દાદા' એ ગીતમાં પણ આવો જ આદર્શ વ્યક્ત થયો છે. આ ગીતની પ્રથમ પંક્તિમાં તલાવડીનું વર્ણન છે:

કેસર તળાવડીમાં અમીરસ પાણી

છૂટે અંબોડે દાતણ કરો રે કેસરિયા.

આ પંક્તિનો બીજો પાઠ પણ ઉપલબ્ધ થાય છે.

'ચતુર તલાવડીમાં અમીરસ પાણી.....'

'ફૂલભેટ'માંથી લગ્ન પ્રસંગે વપરાતી અનેક સામગ્રીનું સૂચન મળે છે. જુદી જુદી જ્ઞાતિમાં જુદી જુદી સામગ્રી વપરાય છે, તેનું નિરૂપણ આવાં લગ્નગીતોમાં જોવા મળે છે:

એક વાર જાજે રે માળણ માળવે રે

લાવ્યે ડોલરિયાનાં ફૂલ !

તેનો ગૂંથ્યે રે માળણ વીંઝણો રે

વીંઝણો વવારૂને ભેટ.

સંપાદકે નોંધ મૂકી છે કે કાઠી જ્ઞાતિમાં મોડિયો પહેરવાની પ્રથા નથી, તેથી આ ગીતમાં "વીંઝણો" મુકાયો છે. મોડિયો (મુગટ) પહેરવાની પ્રથા દક્ષિણ ગુજરાતના સુરત–વલસાડ જિલ્લામાં પણ જોવા મળતી નથી. કાઠી લગ્નગીતોમાં વારંવાર પતિને માટે "કેસરિયો", "ડોલરિયો", "માણારાજ" વગેરે શબ્દો વપરાયા છે; તેની પાછળ વૈવિધ્યની સાથોસાથ ઊંડી સૂઝ પણ રહેલી દેખાય છે.

લગ્નપ્રસંગે પીઠી ચોળતી વખતે કેટલાક ગીતો ગવાય છે. "સહુથી મીઠી !" એ આ પ્રકારનું ગીત છે:

લીલુડો સરિયો રે

પીળુડી પીઠીનો ભરિયો

વેપારે ચડિયો રે

વીરો મારો વેપારે ચડિયો.

અહીં "સરિયો", "ભરિયો", "ચડિયો" વગેરે શબ્દોનો પ્રાસ બેસાડ્યો છે; પરંતુ "સરિયો" શબ્દ વિકૃત બની ગયેલો જણાય છે. એમાંથી એક કરતાં વધુ અર્થો નીકળવાની શકયતા રહેલી છે. "સરિયો" એટલે "કેસરિયો" એવો અર્થ અભિપ્રેત હોય તો પણ વર્ણલોપ-ચિહ્ન મૂકવું જોઇએ.

"વર શામળો" એ બે કડીનું ટૂંકું ગીત છે. કન્યા મેડી પરથી વરને આવતો જુએ છે. તે શામળો દેખાય છે, તેથી કન્યા સ્વજનોને પ્રશ્ન પૂછે છે. તેના ઉત્તરમાં સ્વજનો પ્રતીતિકર ખુલાસો કરે છે.

મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે
કાં રે દાદાજી વર શામળો !
છેટેથી આવ્યો રજે ભરાણો
રજનો ભરાણો વર શામળો !

"પોંખણા" એ લગ્ન પ્રસંગે કરવામાં આવતી પોંખવાની વિધિનું નિરૂપણ આપે છે. "સીતાને તોરણ રામ પધાર્યા" ગીતમાં પણ આવું જ આલેખન છે. સોનાની સળી, રૂપાની સળી, ધોંસરી, રવાઇ, તરાકડી, સાંબેલું વગેરે સામગ્રી પોંખવા માટે વપરાય છે:

સાંબેલે ને પોંખ્યે રે બાઇ !
સાંબેલું તારે ખાંડવા થાશે.

નવોઢાના જીવનમાં ચૂંદડીનું સ્થાન માત્ર શણગાર રૂપે જ નથી, તે એના સૌભાગ્યનું પણ પ્રતીક છે. ચૂંદડીનું વર્ણન જુદા જુદા ગીતોમાં વિવિધ રીતે થયું છે.

"શેણે લાગી વાર" માં લાડી લાડડાને પૂછે છે:

લાડી પૂછે લાડડા ! આવલડી ને શેણે લાગી વાર !
ચીતળ ગ્યા'તા એકલા, ચૂંદડિયું મૂલવતાં લાગી વાર.

આ ગીતના પાઠાંતરમાં સ્ત્રીનાં ઘરેણાં, શણગારની યાદી જોવા મળે છે.

'હળવો હળવો હાલ્ય !' માં પણ ચીતળની ચૂંદડીનું જ આલેખન છે:

ચીતળ શેરની બજારમાં હો રાજ !
રૂડી ચૂંદડિયું વેચાય
મણિયલ હળવો હળવો હાલ્ય !

આવા જ ભાવનાં ગીતો જુદાં જુદાં ઊર્મિતત્ત્વો જોડી જુદી જુદી રીતે ગવાય છે. પાદટીપમાં આ પ્રકારનાં ત્રણ ગીતો 'ચૂંદડીનો મહિમા', 'આંખોનો નેહ' અને 'નેણે નાગરવેલ' તુલનાદૃષ્ટિએ મૂક્યાં છે; જે આ સંપાદનની નોંધપાત્ર બાબત બને છે.

'દોઢચે ડગલું' એ વિનોદગીત છે. એનો પૂર્વાર્ધ વરપક્ષવાળાં ગાય છે અને ઉત્તરાર્ધ કન્યાપક્ષવાળાં ગાય છે. સૂર્ય કાઠીના ઇષ્ટદેવ ગણાય છે. તેથી એમાં સૂર્યનું વર્ણન જોવા મળે છે.

'વર સોમલિયા, પોરે પગલું ભર્ય !' જેવી પંક્તિમાં 'સોમલિયા' દ્વારા કાઠી પુરુષને સંબોધન થયું છે. તેમના એક પૂર્વજના ઘરમાં સોમાવતી નામે ચૌહાણની પુત્રી હતી. એ સ્ત્રીએ ગંગાજીને પ્રસન્ન કરી માળવામાં સોમલ નદી કાઢી હતી એવું કહેવાય છે. તે ઉપરથી કાઠી 'સોમલિયા' કહેવાયા. પરંતુ આ કથા ઇતિહાસ છે કે દંતકથા તે કહેવું મુશ્કેલ છે.

'નીંદરડી આવે' એ વિનોદગીત એ સમયે બાળલગ્નનું પ્રાબલ્ય હતું એ મતને પુષ્ટિ આપે છે:

વર તો હાલે ચાલે ને વરને નીંદરડી આવે.
વરનો દાદોજી ચાલવા નો દિયે
બાળુડા વરને નીંદરડી આવે.

'લવિંગડાં લઈ લીધાં'માં પુરુષના લવિંગડાં નામના ઘરેણાનો ઉલ્લેખ થયો છે.

'મિશ્રગીતો'ની શ્રેણીમાં 'પૂજ્યા હોય મોરાર' જેવાં ગીતો સ્ત્રીની સંતાન ઝંખનાને સાકાર કરે છે:

જેને તે પેટ દીકરા, તેનો તે ધન્ય અવતાર;
વવારૂ પાયે પડે, જો પૂજ્યા હોય મોરાર;

આ ગીતની મહત્તા પુત્રીજન્મનો લોકાદર કરવામાં રહેલી છે. સામાન્ય રીતે પુત્રજન્મને સર્વત્ર વધાવવામાં આવે છે. જ્યારે અહીં તો પુત્રીની પ્રાપ્તિને મંગલ અને સુખમય વર્ણવી છે:

જેને તે પેટે દીકરી, તેનો તે ધન્ય અવતાર;
સાસુ સૂસુ વાધરે, જો પૂજ્યા હોય મોરાર.

ઘરચોળું નામે મંગલ વસ્ત્ર માત્ર લગ્નાદિક અવસરે જ પહેરાય છે. તે સિવાય તો ઘડીબંધ સંકેલેલું પડયું રહે છે. એટલે જ 'ઘરચોળે ઘડય ભાગવી' નો લાક્ષણિક અર્થ 'લગ્નાદિક અવસર ઉજવવા' એવો થાય છે. એનું સૂચન આ પંક્તિમાંથી મળે છે; 'ઘરચોળે ઘડ ભાગીએ, જો પૂજ્યા હોય મોરાર.'

'મોસાળું'માં વરપક્ષ કન્યાપક્ષ પાસેથી મોસાળામાં શેની શેની અપેક્ષા રાખે છે તે ચીજ-વસ્તુની યાદી જોવા મળે છે. જો આ વસ્તુ લાવવામાં ન આવે તો પરણેલી કન્યા પર મહેણાનો વરસાદ વરસે છે.

માટે કન્યા ભાઇને કહેવડાવે છે કે પોતાના પ્રત્યેક સગાને પત્રમાં લખ્યા મુજબની ભેટ આપવાની છે, તે લઇને જ આવજે; નહિ તો આવીશ જ નહિ. સ્ત્રીનો પિયરપક્ષ હમેશાં દબાણમાં રહેતો તેની અહીં પ્રતીતિ થાય છે:

----એટલી સંપત હોય તો આવજો !
નહિ તો રેજો તમારે ઘેર.

'રૂપ અને ગુણ'માં કન્યાને એવી સલાહ આપવામાં આવે છે કે વરના ગુણને જોવો જોઇએ, તેના રૂપને નહિ:

રૂપ ગુણ બે દેવ પાસે ગયાં,
દેવે રૂપને કર્યાં રે જુવાર;
દેવે ગુણને તે દીધાં બેસણાં,
એવો ગરવો ગુણિયલ વરરાય.

'સાસરગામનું દર્શન' ગીત જાન ઉઘલતી વખતે ગવાય છે:

ગોરાં...... વહુ તે ભાઇને વીનવે;
તારા ગામની સીમડી દેખાડ રાયજાદા રે !
લાલ છેડો લટકાં કરે.

'મારવાડી લગ્નગીતો'માં મારવાડના લગ્ન વ્યવહારનું તેમની વિશેષતાઓ સાથે વર્ણન થયું છે. આ ગીતો સંપાદકે બે પેઢીથી ભાવનગરમાં વસતી મારવાડની કુંભારણ બહેનો પાસેથી મેળવ્યાં છે. એટલે લાંબા વસવાટને કારણે સૌરાષ્ટ્રની તળપદી બોલીની તેમાં અસર વરતાય છે. સતત પરિવર્તનશીલતા એ લોકસાહિત્યનું એક લક્ષણ છે; તે આવાં ઉદાહરણો જોતાં સ્પષ્ટ થાય છે.

'સંતોખણ બેનડી'માં બહેન પોતાના ભાઇને મામેરામાં માત્ર એક લીલુ નાળિયેર લઇને આવવા જણાવે છે. 'મોસાળું' ગીતના આલેખનની તુલનામાં આ ગીતને મૂકવું જરૂરી છે. સંતુષ્ટ થયેલી બહેન કહે છે:

વીરા ! નીલુડું નાળિયેર લઇ આવ !
હું રે સંતોખણ બેનડી.

'સાચું સગપણ', 'હરિયા વનની કોયલડી', 'મારો દેશ', 'તારે કારણે', 'મારા દેશમાં', 'પ્રેમની વાતો' વગેરે ગીતોમાં વર કન્યાને મનાવે છે તેનું આલેખન થયું છે. 'તારે કારણે'માં મારવાડી ભાષાના શબ્દોની છાંટ જોવા મળે છે:

મેં તો થારા જીવન વની ! કારણીએ,
મેં તો છોડ્યા બાવાજી વાળાં હેત
હાલો ને વની વાગાઁમેં.

'ચૂંદડી ભાગ-૧' ગીત-૭૩ માં પણ આવું જ નિરૂપણ છે:

મેં તો દાદા મારાંને દુભાવ્યા રે
તારા આછા ઘૂંઘટડાને કારણ હો લાડલી !
હજી રે સમજ મારી કોયલડી !

'વનજી વાગાઁમેં' શૃંગારગીત છે. રૂપિયા આપીને નવવધૂને રીઝવવાની ગામઠી રીતિની અહીં નોંધ છે. નવવધૂને પહેલી રાતે રૂપિયા આપીને ઘૂમટો છોડાવવા માટે મનાવવાની રીતિ ઘણી કોમમાં પ્રચલિત છે. નવવધૂ કહે છે:

ઉધાર બુધાર મેં નૈં કરાં, વનાજી રાજ !
પારકા જીવરો શો વશવાસ વનજી વાગાઁમેં.

'પારસી લગ્નગીતો'માં 'સરસ્વત સ્વામીને વીનવું' એ પ્રલંબ લગ્નગીત છે. લગ્ન આડા પાંચ દિવસ રહે ત્યારે આ ગીત ગવાય છે. એમાં પરણતા પુત્રનો જન્મથી માંડીને લગ્ન સુધીનો ટૂંકો ઇતિહાસ હોય છે. અહીં પણ પ્રારંભમાં ગણપતિને યાદ કરાય છે:

સરસ્વત સ્વામીને વીનું સાએલરી રે,
એને ગણપત લાગું પાયે પતોરરી રે.

આ ગીતમાં પારસી સ્ત્રી 'પીરોજબાઇ'નો ઉલ્લેખ જોવા મળે છે. 'હરાખ', 'સાએલરી', 'પતોરરી' વગરે પારસી બોલીના શબ્દો નોંધપાત્ર છે.

'વરને સાસુ તે અર્ઘવા નીસર્યાં' માં વર તોરણે આવે છે, ત્યારે કન્યાની માતા ઉંબરની અંદર ઊભા રહી; જમાઇના માથા પરથી શ્રીફળ, સોપારી, ખારેક વગેરે ઓવારે છે. અરઘતી વખતે આ ગીત ગવાય છે:

વરને સાસુ તે અર્ઘવા નીસર્યાં,
મસ્તકે તે બાંધ્યા મોડ રે.

ગુજરાતીઓમાં ઇંડીઆ-પીંડીઆ ઉરાડે છે તે પ્રમાણે રાંધેલા ચોખા ઉડાડવાની ક્રિયા અન્ય પ્રદેશોમાં પણ કરવામાં આવે છે. આ પ્રમાણે ચોખા, ઘઉં અને અન્ય અનાજ ઉડાડવાની પ્રતીકાત્મક ક્રિયા ફળદ્રૂપતાનો અને નવોઢા વેળાસર સંતાનની માતા બને એવો નિર્દેશ કરે છે.

ગાયનનાં ગળાં મોકળાં,
ગાયે લગ્નનાં ગીત રે.

પારસી કોમમાં ખાસ ગાનારી સ્ત્રીઓનો એક અલગ વર્ગ હોય છે. અનાવિલ બ્રાહ્મણોમાં કોળણ સ્ત્રીઓ લગ્નગીતો ગાય છે. એ જ પ્રમાણે રજપૂતોમાં 'લધા' નામની કોમની સ્ત્રીઓ ખાસ ગાનાર હોય છે, એવો મેઘાણીએ નિર્દેશ કરેલો છે.

"સાસુજી ! એમ ના જાણતાં કે" લગ્ન સમાપ્ત થયા પછી ગવાતું પારસી લગ્નગીત છે. એમાં દીકરી પ્રત્યે સાસરવાસમાં થતા વર્તાવનું આલેખન છે:

સાસુજી ! એમ ના જાણતાં કે વહુ મોટી રે,
અમે એને દહીંએ ને દૂધે પોષી રે !

આવો જ ભાવ આલેખતું એક પંજાબી લગ્નગીત સંપાદકે તુલનાત્મક અભ્યાસના હેતુથી પાદટીપમાં મૂકયું છે.

'ખાયણાં' વિભાગમાં શ્રી ઇશ્વરલાલ વીમાવાળાના સંગ્રહમાંથી લીધેલા થોડા નમૂના મૂકયા છે. ખાયણાં એટલે મૂળ તો ધાન ખાંડતાં ખાંડતાં ખાંડણિયા પર બેસીને ગાવાનાં ત્રણ ત્રણ પંકિતઓનાં જોડકણાં. સાંબેલાને ધબકારે ધબકારે 'ખાયણાં' તાલ પુરાવે છે. પરંતુ વખત જતાં ધાન ખાંડવાની ક્રિયા સાથેનો એનો સંબંધ છૂટી ગયો, અને તે લગ્નગીતો બની રહયાં. સુરત અને અમદાવાદમાં લગ્નના અવસરે કાયસ્થ કોમની બહેનો સામસામા પક્ષમાં વહેંચાઇ જઇને 'ખાયણાં' સામસામાં ગાય છે. આઠે દિવસે દરરોજ સાંજે બ્રહ્મક્ષત્રિય કોમની નાની નાની કન્યાઓ હીંચોળે હીંચતી ખાયણાં ગાય છે. લગ્નના અવસરને આધારે 'ખાયણાં' સર્જાયાં છે, પણ લગ્નના ઉલ્લાસ તેમાં નહિ જેવા જ ગવાયા છે.

મુખ્યત્વે કરીને તેમાં સંતાપના સ્વરો જ પ્રગટ થયા છે. ખાયણાનો ઢાળ કરુણરસનો દ્યોતક-પોષક છે. વિનોદની ઊર્મિ વહન કરવા જેવું એનું બંધારણ જ નથી. એના પ્રધાન સૂરો ઊંડા વિલાપના છે. એમાં દીકરી પોતાનાં દુઃખોને રડે છે. અકકેક ખાયણું એટલે અકકેક કલ્પના, અકકેક અણિશુધ્ધ ચિત્ર, અકકેક કાવ્ય, અકકેક આંસુ. જેમ કે -

મારા તે બાપે તાપી કિનારા જોયા,
જોયાં ન જોયાં
જમાઈનાં ઝૂંપડાં.

મેઘાણીએ નોંધ્યું છે કે, "'ખાયણાં'ની માફક પંજાબી લોકસાહિત્યમાં 'ઝૂલે કે ગીત' (ઝૂલા - હીંડોળાનાં ગીતો)' નો વિભાગ છે. ખાસ કરીને વર્ષાઋતુમાં હીંચકે હીંચકતી હીંચકતી પંજાબી લલનાઓ - નાની મોટી સર્વ - આવાં કરુણરસે ભરપૂર ગીતો ગાય છે. એમાં પણ પ્રધાન સૂર સાસરવાસી જીવનના સંતાપના તેમ જ સ્વજન-વિયોગના જ હોય છે."[11] પોતાને શહેરને બદલે ગામડામાં પરણાવી તેનું કલ્પાંત પણ પંજાબી કન્યાઓએ 'ઝૂલે કે ગીત'માં હીંચકે હીંચકતાં ગાયું છે:

હોર ધીઆઁ દિતિયાઁ શહેરી નગરીં,
મૈં ક્યૂઁ દિતડી ચન્દરે પહાડ ?

[(અર્થ:) અન્ય દીકરીઓને શહેરમાં, નગરમાં, અને મને કાં દીધી પહાડી દેશમાં ?]

આવી જ મનોવ્યથા ગુજરાતી કન્યા પણ વ્યકત કરે છે:

મારા તે બાપે પરદેશ દીકરી દીધી
ફરી ખબર ન લીધી
મૂઈ કે જીવતી.

પુત્રીને દૂર સાસરે પરણાવ્યાના પોકાર ઘણા પ્રાંતોનાં ગીતોમાં આવે છે. દા.ત.

સૌરાષ્ટ્રી ગીતોમાં :

વળો વળો રે મારા સપરશે દાદા !
તમે દીધાં અમને વેગળાં.[12]

× × ×

દાદાને વાલા દીકરા, અમને દીધાં પરદેશ જો ![13]

પંજાબી ગીતોમાં : બાબે દી મૈં લાડલી,

મૈંનું દાદી દિતડા દૂરે વે, લખદાતી દિતડા દૂર !

[અર્થ : હું મારા પિતાની લાડલી હતી, પણ પિતાએ મને દૂર દીધી. રે ! લાખોનું દાન કરનાર પિતાએ મને દૂર દીધી.]

આ પ્રકારના 'ખાયણાં' સુરત અને વલસાડ જિલ્લામાં અલૂણાવ્રત (ગૌરીવ્રત) કરતી કન્યાઓ આજે પણ હીંચકે હીંચકતાં હીંચકતાં ગાય છે.

'સોરઠી ગીતકથાઓ'માં કુલ તેર જેટલી દુહાબદ્ધ લોકકથાઓ છે. તેમાં કથાનકના વર્ણનાત્મક અંશો ગદ્યમાં હોય છે; ઉત્કટ ભાવાભિવ્યક્તિ દુહા - સોરઠામાં થાય છે. અર્થાત્ આ કથાઓ ગદ્ય - પદ્ય મિશ્ર રૂપમાં પ્રાપ્ત થાય છે. સમગ્ર કથા દુહા-સોરઠા કે પદ્યમાં હોતી નથી. અહીં દોહાને ઉત્કટ ભાવાભિવ્યક્તિના માધ્યમ તરીકે સ્વીકાર્યો છે. દોહાના પદ્ય સ્વરૂપની નાજુકતાને કારણે તેમાં વિશેષ ભાવ મુકાય છે; અને તેથી તેમાં કોઈ કથાના ભાવને યા ઉર-સંવેદનને જ દુહા દ્વારા ગાવામાં આવે છે, આખા પ્રસંગને નહિ. આને લઈને જો પ્રચલિત કે જાણીતું વસ્તુ તેમાં લેવાયું ન હોય તો આવી લોકકથા સમજાતી પણ નથી.

'સૌરાષ્ટ્રની રસધાર - ૫'ની 'શેત્રુંજીને કાંઠે' લોકકથાની સાથે 'સોરઠી ગીતકથાઓ'માંની 'પીઠાત વેજલ'ની કથાને વસ્તુની દૃષ્ટિએ સરખાવી શકાય. બેઉમાં એક નર અને નારીના ત્યાગની કથા છે, પરંતુ બંનેની કથાની રજૂઆત - રીતિ બિલકુલ ભિન્ન છે.

મેઘાણીએ ગીતકથાઓનું સંપાદન કર્યું છે, પણ તેઓ કેટલીક કથાઓના સંદર્ભમાં વિગતે સંશોધન કરી શક્યા નથી. 'સોન-હલામણ'-ની કથા માટે સ્થળની ચોકસાઇ કરવી જોઇએ, તે થઇ શકી નથી. 'સોરઠી ગીતકથાઓ'ના પૃ.૧૫ પર મેઘાણીએ પાદટીપમાં દુહાનો બીજો પાઠ આપીને સમજૂતી આપી છે: 'વીસાવાડાની પાસે રત્નાકર (દરિયો) છે જ નહીં.' હકીકતમાં વીસાવાડાથી ત્રણ-ચાર ફર્લાંગના અંતરે દરિયો આવેલો છે. સંપાદક ભૌગોલિક દૃષ્ટિએ પણ જરૂરી ચોકસાઇ કરી શક્યા નથી, તેનો આ નમૂનો છે. પ્રા. ચંદરવાકર નોંધે છે તેમ સંપાદકે આપેલા દુહાના બે પાઠ ઉપરાંત ત્રીજો પાઠ પણ મળે છે, જે નીચે મુજબ છે:

વીસલપરને વાખ, અમે વાહુ વાસ્યા નૈં,
નત ગનાનવાવમાં નાં'ત, સેવા કરત સિધ્ધનાથની !

હલામણ જેઠવાના મૃત્યુ અંગેની હકીકત પણ ઉપજાવી કાઢેલી છે. પ્રા. ચંદરવાકરે લખ્યું છે:
"હલામણનું મૃત્યુ થયું સોનની સાથે પરણીને દસ વર્ષ રાજગાદી ભોગવ્યા પછી જ. આ હકીકતની સાહેદી પોરબંદર રાજ્યની ડિરેક્ટરી પૂરે છે; અને આજે જેઠવા કુળના રજપૂતો કચ્છમાં છે તેમની પાસેથી પણ આ અંગે વિશેષ હકીકતો અને હલામણ જેઠવાના જીવનપ્રસંગો સાંપડે છે."[૧૪] 'મકરધ્વજ મહીપમાળા'માંથી પણ આ અંગે

મેઘાણી વિશેષ માહિતી મેળવી શક્યા હોત; પણ તેઓ વિશેષ સંશોધન કરીને ઐતિહાસિક સત્ય પ્રગટાવવાનું ચૂકી ગયા છે. આખી જિંદગી ધૂળધોયાનું કામ કરનાર મેઘાણી ગમે તે કારણે આવી ઝીણી ઝીણી વિગતો લક્ષમાં લઇ શક્યા નથી, તેની અહીં પ્રતીતિ થાય છે.

"હાલરડાં" એ મેઘાણીએ એકત્ર કરેલા હાલરડાંનું સંપાદન છે. એમાં ગુજરાતી, પારસી, મરાઠી મળીને કુલ બત્રીસ જેટલાં હાલરડાં સંગ્રહાયાં છે. પ્રારંભમાં "વાત્સલ્યના સૂર" નામનો માહિતીપ્રદ પ્રવેશક મૂક્યો છે. બાળક, પારણું અને હાલરડું એ ત્રણે ઘટકો ગૃહસ્થ-જીવનનાં અગત્યનાં વાનાં છે. એના વડે જ જીવન જીવવા જેવું લાગે છે. આ ત્રણ ઘટકોમાંથી એક લઇ લેવામાં આવે તો કૃતિ ખંડિત લાગે છે. ત્રણનો સંયોગ આપણા ઘરને અનેરી શોભા આપે છે, અનોખી મીઠપ આપે છે.

"હોને રન્નાદે !" ગીત બાળક માતાના ઉદરમાં હોય ત્યારથી જ ગવાય છે. સીમંતોત્સવ વખતે ગર્ભવતી સ્ત્રીને રન્નાદે (સૂર્યરાણી)ની સ્થાપના કરીને તેની સન્મુખ બેસાડીને બીજી સ્ત્રીઓ ટોળે વળીને ગાય છે:

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર હોને રન્નાદે !
વાંઝિયાં - મેણાં માતા, દો હેલાં.

પ્રાર્થનાની ફલસિધ્ધિ પછી આ પ્રમાણે ગવાય છે:

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર દીધો રન્નાદે !
અનિરુધ્ધ કુંવર મારે લાડકો.

ક્યાંક આ પ્રમાણે ગવાય છે:

ઘરને પછવાડે રૂડું ઘોડિયું,
પારણાનો પોઢનાર દીધો રન્નાદે,
વાગિયાં – મેણાં માએ ભાંગિયાં.

'દેવના દીધેલા'માં માતા તેના પુત્રને અમરત્વ વાંછે છે:

તમે મારા દેવના દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઇને રો' !

હાલરડાંનું સર્જન મુખ્યત્વે બાળકને પોઢાડવા માટે જ થયું છે:

'પોઢોને !' ગીતમાં –

હાં હીંચોળું ને હાં હાં કરું, તમે પોઢો ને,
ઘડી જાવને ઘોડિયા માંય, અંબર તમે ઓઢો ને.

માતાને તો બાળક જાગે તોય દુ:ખ, ને ઊંઘે તોય દુ:ખ ! 'જાગોને' ગીતમાં માતા કહે છે:

જેમ તેમ કરી બાળ સુવારીઆં
ને કરવાં ઘરનાં કામ, બાળા પોઢો ને !
કામકાજ કરીને ઊભાં રિયાં ને
તોય ન જાગ્યાં બાળ, બાળા જાગો ને !

'હાલો ! હાલો !' હાલરડું શ્રી મહીપતરામ નીલકંઠ કૃત 'વનરાજ ચાવડો' નવલકથામાંથી લીધું છે:

હાલોને તો ગોરી, ભાઇને પારણે હીરની દોરી;
ભાઇ તો મારો ગોરો, એની કેડે હીરનો કંદોરો;
હાલો ! હાલો !

આમાં કલ્પનાનાં હાસ્યરસિક ગતકડાં જોવા મળે છે:

ઓ પેલા ચાંદાને કીડી ધાવે,
બહેરો કહે કે બચ બચ બોલે;
આંધળો કહે કે જોવા જઇએ;
નાગો કહે કે લૂંટાઇ જઇએ;
પાડો દૂઝે ને ભેંસ વલોવે,
મીનીબાઇ બેઠાં માખણ ચોરે,
હાલો ! હાલો !

આ હાલરડામાં પણ ગૃહકાર્યમાં પરોવાયેલી માતા કહે છે:
' એક ઘડી તું સૂઇ જા રે ભાઇ ! મારે ઘરમાં ઝાઝાં રે કામ.'
'હાલો રે હાલા' એ રણજિતરામ વાવાભાઇ મહેતા સંપાદિત 'લોકગીત'માંથી લીધેલું હાલરડું છે:

હાલો રે હાલા, ભાઇને હાલા,
ભાઇ તો અટાદાર, મોજડી પહેરે પટાદાર,
મોજડીઓ ઉપર મોગરા, ભાઇને રમાડે રાજાના છોકરા.

'ઘોઘર આવ્યા' એ પણ રણજિતરામ સંપાદિત 'લોકગીત'-માંથી લીધેલું, બાળકને પોઢાડવાનું ગીત છે:

'સૂવો સૂવો બાળા રે ઘોઘર આવ્યા.'

'નંદકિશોર' નામના બ્રહ્માનંદ રચિત હાલરડામાં કૃષ્ણ અને ગોપીનો સંબંધ આલેખાયો છે. આ ગીત બ્રહ્માનંદના કર્તૃત્વને કારણે લોકસાહિત્યનું હાલરડું બનતું નથી તે અત્રે સ્પષ્ટ કરી લેવું જોઇએ:

નંદકિશોર રે નંદકિશોર,
ઝૂલે પારણિયે નંદકિશોર.

'થેઇ થેઇ' ગીત બાળકને ચાલતાં શીખવતી વખતે માતા ગાય છે:

થેઇ થેઇ ચરણ ભરો રે કા'ન,
વેચું મુક્તાફળ ને પાન.

'થૈ થૈ પગલી' નામનું હાલરડું નર્મદ સંપાદિત 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતો'માંથી લીધું છે:

પાતળિયા પુરુષોત્તમ તુંને થૈ રે થૈ,
બાળુડા બળિભદ્ર તુંને થૈ રે થૈ.

'પારસી – ગુજરાતી હાલરડું' ગાતાં માતા કહે છે:

જી, જી, હો – ઓ હો – ઓ.
હો કરું હો ગાવું,
રે ગાઇગાઇને નાહલીઆને પારણે પોહરારું.

પ્રસ્તુત ગીતમાં આવતાં 'મેહર', 'ઇજદ', 'મમઇ', 'બપઇ' જેવા પારસી બોલીના શબ્દો એ પ્રજાની રહેણીકરણીનું વાતાવરણ ખડું કરે છે.

'बेटा! सो जानी!' હિન્દી હાલરડું છે:

बाबा तेरे बारे हजारी आया सूबेदार
मैया तेरी सदा सोहागन, बच्चे पर कुरबान।

ઉપર્યુક્ત ગીતમાં આગરા, બુરાનપુર, ભાવનગર જેવાં શહેરોનો ઉલ્લેખ છે, તે જોતાં લાગે છે કે આ શહેરો વચ્ચે વ્યાપારી કે સાંસ્કૃતિક સંબંધ હોવો જોઇએ.

'निज निज बाळा रे' એ મહારાષ્ટ્રી અને 'મદાલસાનું હાલરડું' સંસ્કૃત હાલરડાં છે. એમાં નિરૂપિત વાત્સલ્યભાવ અને પદાવલિ પરંપરાગત હાલરડાંની પધ્ધતિનાં છે.

'હાલરડાં' પુસ્તકની ત્રીજી આવૃત્તિમાં સંપાદકે જેમને હાલરડાં ન કહી શકાય તેવાં પાંચ ગીતો બાદ કરીને નવાં શુધ્ધ હાલરડાં ઉમેર્યાં છે. મેઘાણી જેવા સજાગ સંપાદક અને સંશોધક આ પ્રકારની તોલનદૃષ્ટિ રાખી શકયા છે, એટલું જ નહિ; તુલનાત્મક દૃષ્ટિકોણ પણ દાખવી શકયા છે. પંજાબી, મહારાષ્ટ્રી, હિન્દી, સંસ્કૃત વગેરે ભાષાના નમૂના આપીને મૂલ્યવાન કામ કર્યું છે. રણજિતરામ મહેતા સંપાદિત 'લોકગીત'માંથી, મહીપતરામ નીલકંઠ રચિત 'વનરાજ ચાવડો' નવલકથામાંથી, નર્મદ સંપાદિત 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતો'માંથી હાલરડાં લઇને સોરઠી હાલરડાં સાથે એનું સામ્ય - વૈષમ્ય સમજવાની ભૂમિકા રચી આપી છે. મેઘાણીનું આવું વૈવિધ્યસભર લોકસાહિત્ય-સંપાદન આ ક્ષેત્રના અન્ય સંપાદકો કરતાં ઉમદા છે, અને એ કારણે જ તેમને ઊંચા માનના અધિકારી બનાવે છે.

'લોકસાહિત્યમાં ઋતુગીતો' એ મેઘાણીનું ઋતુ-વિષયક ગીતોને લગતું વિશિષ્ટ પ્રકારનું સંપાદન છે. એની પૂર્વે આ પ્રકારનો ગુજરાતી ગ્રંથ પ્રગટ થયો નથી. એ અર્થમાં આ સંપાદન શકવર્તી બને છે. સ્ત્રીઓનાં ઋતુગીતો 'રઢિયાળી રાત ભાગ-૩'માં અલાયદાં મૂકયાં હોઇ, અત્રે તેનો સમાવેશ કર્યો નથી. લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય એ માત્ર સભારંજનની વસ્તુ નથી, પણ અભ્યાસની એક નક્કર સામગ્રી છે એમ માનતા મેઘાણી 'ઋતુગીતો'ને આ દિશાનું એક મહત્ત્વનું સોપાન માને છે; તે સર્વથા ઉચિત છે. ગ્રંથના પ્રારંભે તેમણે વિસ્તૃત પ્રવેશક મૂકયો છે, જેમાં ઋતુગીતોના પ્રકારો, વર્ષાઋતુનું પ્રાધાન્ય, ચારણી ઋતુકાવ્યની વિશેષતા, દોહાનું ઋતુકાવ્ય વગેરે મુદ્દાની તેમણે વિશદ છણાવટ કરી છે.

મેઘાણીએ ઋતુગીતોના પ્રકાર નીચે મુજબ જણાવ્યા છે:

૧. ગોપજનો અથવા ખેતરોમાં કામ કરતાં શ્રમજીવીઓને લલકારવાના ઋતુને લગતા દોહા-સોરઠા. એ દોહા-સોરઠા મોટે ભાગે છૂટા છવાયા અને પ્રાસ્તાવિક રૂપે જ હોય છે. દા.ત.
અષાઢ વરસે એલીએ, ગાજવીજ ઘમઘોર, તેજી બાંધ્યા
તરુવરે, મધરા બોલે મોર.

૨. સ્ત્રીઓને ગાવાનાં ગરબા-ગીતો. એમાં પણ અમુક ઋતુની ઊર્મિને પ્રગટ કરતું ગીત હોય છે. દા.ત.
કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે !
મેહુલો કરે ઘનઘોર.
બારે માસની ઊર્મિઓને એક જ દોરે પરોવીને મહિના ગવાય છે. દા.ત. સીતાજીના મહિના, રાધાજીના મહિના, સર્વસામાન્ય-ને લાગુ પડતા મહિના વગેરે.

૩. ચારણી ઋતુગીતો: એટલે કે ચારણ, રાવળ, મોતીસર કે મીર આદિ કોઇ પણ યાચક અને આશ્રિત સમુદાયના માણસે ડિંગળી ભાષામાં રચેલાં ઝડઝમકિયાં કાવ્યો. એના પણ પેટાપ્રકારો હોય છે.
(અ) રાધા-કાનના બારમાસા
(બ) મિત્ર અથવા આશ્રયદાતાના મૃત્યુ વિયોગના મરશિયા
(ક) કેવળ સભારંજનનાં સીધાં ઋતુવર્ણનો.

પ્રસ્તુત સંપાદનમાં આ તમામ પ્રકારનાં ઉદાહરણ જોવા મળે છે. "મહિના" જેવાં ઋતુગીતોમાં વિરહનો સૂર કરુણ સ્વરોમાં ગવાયો છે. ભૌગોલિક પરિસ્થિતિ કે અન્ય કોઇ કારણે, પણ

વર્ષાઋતુને વિશેષ પ્રાધાન્ય મળ્યું છે તે અહીં જોઇ શકાય છે. મેઘાણીના મતે ચારણી ઋતુ-કાવ્યનું નવનીત દોહામાં ઉતર્યું છે.

'રાધાકૃષ્ણની બારમાસી'માં ત્રણ ઋતુકાવ્યો છે. 'કહે રાધા કાનને' ચારણી ઋતુગીત લાગતું નથી; કારણ કે ચારણી ઋતુગીત સામાન્ય રીતે અષાઢથી શરૂ થાય છે, જ્યારે અહીં જેઠથી પ્રારંભ થયો છે. ચારણી ઋતુગીતમાં બારમાસીમાં -ઋતુના વિશિષ્ટ લક્ષણો વર્ણવવામાં આવે છે, જે અહીં વર્ણવાયાં નથી. આ બારમાસી ભૂરા નામના કવિએ રચી હોય એમ છેલ્લી કડીમાંના 'ગાય ભૂરો ધ્યાનમેં' શબ્દો જોતાં સ્પષ્ટ થાય છે. કવિવિશેષના વૈયક્તિક કર્તૃત્વને કારણે એ બારમાસી લોકગીત બનતું નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. 'વ્રજ માધા અવણાં' અને 'ગોકુળ આવો ગિરધારી' બારમાસી અનુક્રમે આષાઢ અને કારતકથી શરૂ થાય છે.

'મિત્રવિરહના મરશિયા'માં ચાર મરશિયા મૂક્યા છે. આ પણ બારમાસી ઋતુગીતોનો એક પ્રકાર છે. પોતાના વિદેહ થયેલા મિત્ર અથવા દાતાને સંભારી સંભારીને પ્રત્યેક માસ અથવા ઋતુની શોભા ગાવાની આ રીતિ ઘણા ચારણ, ભાટ કે મીર કવિઓએ અંગીકાર કરી છે.

'સતણ વીસળ સંભરે' મરશિયા કીડીઆ ગામના મીર કાના મનજી ઉદિયાએ જાળુ ગામના ચારણ માલા જામના મૃત પુત્ર વીસળના વિરહમાં ગાયા મનાય છે. આ મરશિયાનું કર્તૃત્વ મીર કાના મનજી ઉદિયાનું હોય તો એ લોકસાહિત્યના મરશિયા બનતા નથી. આ મરશિયામાં ઋતુઓની વિશિષ્ટતાઓ સોરઠી જીવનને સુસંગત થઇ પડે તેવી રીતે અંકાયેલી છે. એનો પ્રારંભ આષાઢ મહિનાથી થયો છે:

ગહેકે મોરાં ગરવરે,
સજે વાદળ સામાઢ;
ધર ઉપર જાણુ ધણી !
આઈ રત આસાઢ.

[અર્થ: ગિરિવરો ઉપર મોરલા ટહુકે છે; આકાશમાં મેઘાડંબરના સાજ સજાય છે; હે જાણુ ગામના રાજા ! આ ધરતી ઉપર આષાઢની ઋતુ આવી છે.]

'ધરણ સર માતર – ધણી !' માં બબ્બે માસની એકેક ઋતુ વર્ણવીને મરશિયા રચ્યા છે. રચનાર ઉમાભાઈ કહાનજી મહેડુ નામના ગુર્જર ચારણ છે. આ મરશિયા પણ વ્યક્તિગત કર્તૃત્વને કારણે લોકગીતના ક્ષેત્રમાં આવી શકતા નથી. માતર તાલુકા (ખેડા જિલ્લો) ના ઠાકોર હિંમતસિંહજીના વિરહમાં એ ગવાયા છે. એની શરૂઆત શરદ ઋતુના વર્ણનથી થઇ છે.

'સકજ સાગણ સભરે' એ મરશિયામાં ડિંગળી ભાષાની છાંટ જોવા મળે છે. એમાં શબ્દાડંબર આણવાનો ખાસ પ્રયત્ન નથી. ગઢવી વીભા નેણા મેહડુએ પાળિયાદ ગામના કોઇ મૃત કાઠી દરબારના સ્મરણમાં સં. ૧૯૭૬ માં રચેલા છે. મેઘાણીને એ મરશિયા ગઢવી ઠારણભાઇ મધુભાઇ વળાવાળાના ચોપડામાંથી પ્રાપ્ત થયા છે. આ મરશિયાનું કર્તૃત્વ ગઢવી વીભા નેણા મેહડુનું હોવાથી એને લોકગીતની કક્ષામાં મૂકી ન શકાય તે સ્પષ્ટ કરી લેવું જોઇએ. આ ગીતમાં કવિ માહ માસથી પ્રારંભ કરે છે.

'સંભરિયા' મરશિયામાં દોમળિયા નામનું વૃત્ત વપરાયું છે. નાદને હિસાબે આ કાવ્ય અન્ય કાવ્યથી ચડિયાતું બન્યું છે. શબ્દગૂંથણી શુધ્ધ ડિંગળી છે; પરંતુ કમનસીબે એની બાર કડીમાંની ચાર જ ધાગધ્રા પંથકના બે મોતીસર ભાઇ પાસેથી પ્રાપ્ત થઇ છે, બાકીની આઠ તેમના ચોપડામાં હતી; જે પ્રયાસો કરવા છતાં સંપાદકને મળી શકી નથી. મામૈયા નામના મોતીસરે એના આશ્રયદાતા ચારણ અજુભાઇ નથુભાઇની સ્મૃતિમાં આ મરશિયા રચ્યા છે. મામૈયાના વ્યક્તિગત કર્તૃત્વને કારણે આ કૃતિ પણ લોકગીત બનતી નથી. અહીં પણ પ્રારંભ આષાઢ ઋતુથી કરવામાં આવ્યો છે.

'સભારંજન'ની શ્રેણીમાં બે ઋતુગીતો છે. 'ઋતુશોભા'માં ઋતુઓના આનંદો અને લક્ષણોનું આલેખન છે. ત્રણે ઋતુને લંબાણથી વર્ણવી છે. એકાંતવાસી ગ્રામ રાવળે રચી હોવાથી એમાં સોરઠની શુધ્ધ ડિંગળી ભાષાનો જ પ્રવાહ ચાલે છે. પરંતુ કવિ પોતે અર્વાચીન તેમ જ ગ્રામ જમીનદારોના સહવાસી હોવાને લીધે ડિંગળી ભાષાને સરળ સોરઠી ભાષાની કૂણપ આપી શક્યા છે. તળ સૌરાષ્ટ્રના ઋતુ–લક્ષણોનું જ આલેખન છે. કવિ ગીગા ભગતે આ ગીત રચ્યું છે. આ જ કારણે એ લોકગીત બનતું નથી. ચોમાસુ, શિયાળો અને ઉનાળો – એમ ત્રણે ઋતુનું વિગતપ્રચુર નિરૂપણ થયું છે.

'મેઘ – સેના' પણ ગીગા ભગતે રચેલું વર્ષાઋતુનું યશગીત છે. પણ એ લોકગીત નથી. છપ્પનિયા દુકાળ પછી જે સારું ચોમાસુ વરસ્યું તેનો ઉલ્લેખ છે. કવિનો આશય, પોતાને દુષ્કાળ પાર ઉતરાવનાર પીઠા ખુમાણ નામના કાઠી જમીનદારની પ્રશંસા કરવાનો છે. કવિએ દાતાના ગુણગાન છેલ્લી ત્રણ ટૂકોમાં કર્યાં છે. સંપાદકે તારીફની ત્રણમાંથી એક જ ટૂક અહીં આપી છે.

'લોકગીતોમાં ઋતુગીતો'ની શ્રેણીમાં છ ગીતો મૂક્યાં છે. ચારણી કવિઓનાં રચેલાં ઋતુકાવ્યોમાંથી જુદા પડતા આ વિભાગમાં અજ્ઞાત લોકકવિનાં રચેલાં ગીતો આવે છે. એનું વિભાગીકરણ આ પ્રમાણે કરી શકાય:

૧. સ્ત્રીજનોના રાસડા અથવા ગીતો

૨. બારમાસી વગેરેના દોહા.

આમાંના પહેલા વિભાગમાંના સ્ત્રીઓના રાસડા 'રઢિયાળી રાત ભાગ-૨'માં સંગ્રહાયેલા છે. મોટી મારવાડ અને પાલનપુર નજીકના પ્રદેશમાં મારવાડી સ્ત્રીઓ લગભગ ગુજરાતી ભાષામાં જે ઋતુગીતો ગાય છે, તે આ વિભાગમાં મૂકવામાં આવ્યાં છે. ગુજરાતી ઋતુગીતોમાં એક પણ ગીત ભાઈ-બહેનના વિરહભાવને ઝીલતું નથી. એ તત્ત્વ આ ગુર્જર-મારુ ગીતમાં જોવા મળે છે. આપણાં ઋતુગીતોમાં નિરપવાદ સ્ત્રી-પુરુષનો જ વિયોગ વર્ણવાયો છે તે ઉલ્લેખનીય બીના છે.

'માડીજાયાને આશિષ'માં બહેન ભાઈને બરકતની દુવા મોકલે છે:

> વ્રસજે વ્રસજે હો મેહુડા ! બાવાજી રે દેશ,
> જેઠો ને માડીરો જાયો હળ ખેડે.

'સરામણ આયો રે' ગીતમાં સ્ત્રી શ્રાવણ માસમાં પિયર જવા ઇચ્છે છે, ત્યારે પતિપત્ની વચ્ચે જે સંવાદ થાય છે તે રજૂ કર્યો છે:

> આ તો સરામણ આયો રે મારા સાજતિયા સરદાર !
> ભઁવરજી ! સરામણ આયો રે.

'ઋતુનું દોહાસાહિત્ય'માં ઐતિહાસિક કથાનકમાં આવતા 'મેહ–ઉજળીની બારમાસી', 'ઓઢા–હોથલના દોહા' અને 'પ્રાસ્તાવિક દોહા'નું સંપાદન છે.

'મેહ–ઉજળીની બારમાસી'નો મુખ્યરસ કરુણ છે. મેહ જેઠવો ધૂમલી નગરનો રાજકુમાર હતો. ઉજળી પાંચાળના ઠાંગા ડુંગરાની નિવાસી ચારણકન્યા હતી. ઉજળીના પિતાના નેસ એક ચોમાસે બરડા ડુંગર પર પડ્યા હતા. તે વખતે મેહ જેઠવો પણ અતિવૃષ્ટિમાં પલળીને ચેતન વિનાનો ઉજળીને નેસડે પડ્યો હતો. ત્યાં એની શરદી ઉડાડવાના બીજા ઉપાયો નિષ્ફળ જવાથી કુમારિકા ઉજળીએ મેહના દેહને પોતાની ગોદમાં સુવાડી ગરમી આપી હતી. પછી તો બંને વચ્ચે પ્રીતિ બંધાઇ. આખરે મેહના બાપે ચારણકન્યા સાથે પરણવાની મનાઇ ફરમાવી. વિરહવ્યાકુળ બનેલી ઉજળી આજીજીભર્યા સ્વરે વિરહદુહા ગાતી રહી. આ બારમાસીમાં મેહને મે (વરસાદ)નું રૂપક આપ્યું છે:

> કારતક મહિના માંય, સૌને શિયાળો સાંભરે,
> ટાઢડિયું તન માંય, ઓઢણ હે આભપરા–ધણી !

'ઓઢા–હોથલના દોહા'માં વર્ષાઋતુનું વર્ણન આલેખતા દોહા છે. કનડા ડુંગર પર વર્ષાઋતુને આરંભે ઓઢાને પોતાનું વહાલું વતન કચ્છ યાદ આવે છે. એની આખી કથા 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૪'માં આપી છે. હોથલ કહે છે:

> મત લવ્ય, મત લવ્ય મોરલા, લવતો આઘો જા !
> એક તો ઓઢો અણોહરો, મથ્થે તોંજી ધા.

'ઇતર પ્રાંતોની બારમાસીઓ'માં ત્રણ બારમાસી મૂકી છે. એ ત્રણે ગીતો દાંપત્ય વિરહને વિષય બનાવે છે. પંજાબી બારમાસી શ્રી સંતરામે સંઘરેલી છે, હિન્દી બારમાસી શ્રી રામનરેશ ત્રિપાઠીએ સંઘરેલી છે; અને બંગાળી બારમાસી 'કમલા' નામના બંગાળી રાસડામાંથી ઉતારી છે. (જુઓ 'મૈમનસિંહ ગીતિકા': પ્રથમ ખંડ : 'કમલા' : પૃ. ૧૪૫ : કલકત્તા યુનિવર્સિટી)

પ્રત્યેક ઋતુગીતમાં સંપાદકે કૌંસમાં સરલ ગુજરાતીમાં સમજૂતી આપી છે, જે ચારણી તથા અન્ય પ્રાંતનાં ગીતોને સમજવાની આવશ્યક ભૂમિકા પૂરી પાડે છે.

'સોરઠી સંતવાણી' નામનું ભજનોનું સંપાદન મેઘાણીના અવસાન બાદ પ્રગટ થયું છે. ભજનવાણીને તેઓ લોકવાણીનો અંતિમ પરિપાક માને છે: " લોકસાહિત્યને એક વિશાળ વટવૃક્ષરૂપ કલ્પીએ; ગીતો, વાતો, ટુચકા, ઉખાણાં, વ્રતાદિને એનાં ડાળી, પાંદડાં, પુષ્પો ને વિટપો કહીએ, તો આ ભજનોને એનાં આખરી ફળોરૂપી સમજી શકાય. લોકવાણીનો અંતિમ પરિપાક આ ભજનવાણી છે."[૧૫] જીવનની સંધ્યાએ કોણ જાણે કેમ તેમનું ચિત્ત સંતોની ભજનવાણી ભણી વધુ ને વધુ ઢળતું ગયું તેનું રહસ્ય કદાચ નીચેના શબ્દોમાં પડ્યું હશે:

દીપક વન્યાનાં મંદિરીઆં સૂનાં,
રૂદિયો સૂનો રે હરિના ભજન વિના.

પ્રસ્તુત ગ્રંથના લગભગ સીત્તેર પાનના સમૃધ્ધ પ્રવેશકમાં ભાણ સાહેબ, ખીમ સાહેબ, રવિ સાહેબ, મોરાર સાહેબ, સંત હોથી, ત્રિકમ સાહેબ, દાસી જીવણ વગેરે સોરઠી સંતો વિશે ઝીણવટભરી

માહિતી આપી છે. આ સંપાદનમાં કેટલાક ભજનોની નીચે એના રચયિતાનું નામ મૂકેલું છે તેથી એનો સમાવેશ લોકગીતમાં કરી શકાય નહિ. સંપાદકે આ સંતપરંપરાના વિશિષ્ટ લક્ષણો પણ તારવી આપ્યાં છે. બીજા કેટલાક ગૌણ સંત-કવિઓનો નામોલ્લેખ કર્યો છે; પણ તેમનો ઇતિહાસ, ઠામઠેકાણાં, પ્રવૃત્તિ વગેરેની વિશ્વસનીય હકીકત મળતી નથી. સંશોધક મેઘાણીએ લખ્યું છે: ".....પણ દરેક કૃતિ એમાં આવતા નામચરણ મુજબ તે તે કવિની જ છે એમ પણ કહી શકાય નહિ: કારણ કે મુખપાઠ પર રહેલાં આ પદો હોઇ, કવિનામો આઘાંપાછાં થઇ ગયાં હોય. મેં આ કૃતિઓને સાંભળી સાંભળી એકત્ર કરી છે, અને એનો શબ્દપાઠ બની શકે તેટલા શુધ્ધ રૂપમાં સ્થિર કર્યો છે."[૧૬]

'સંતવાણી'ના ભજનોને સંપાદકે કવિવાર મૂક્યાં નથી, પણ વિષયવાર સાંકળ્યાં છે. આ ગ્રંથમાં નીચે પ્રમાણે વિષયવાર વિભાજન છે:

૧. ધણી અને ધરતી
૨. ભક્તિનો માર્ગ
૩. નવધા ભક્તિ
૪. સતગુરુ
૫. માનવ-અવતાર
૬. પ્રેમલક્ષણા ભક્તિ

ઉપર્યુક્ત વિભાજન મુજબ કુલ એકસો ચાર ભજનો સંપાદિત કર્યાં છે. વિષયવાર વિભાગીકરણ વિશે સ્પષ્ટતા કરતાં તેમણે નોંધ્યું છે: " આ વિભાગીકરણમાં સજ્જડ ખાનાં પાડવાનો નહિ પણ પ્રત્યેક વિભાગના પ્રધાન સૂરને પકડવાનો ઉદ્દેશ છે. એક ને એક ભજનમાં, એક કરતાં વધુ ભાવોની આવ-જા થતી હોવાથી સજ્જડ ખાનાં તો પાડી

શકાય પણ નહિ. હજુ બીજા કેટલાક પ્રદેશો – જેવા કે ઉપદેશ, યોગ, શરણાગતિ, મૃત્યુ, કલિયુગ, સમાધિ, પ્રભાતી, આખ્યાયિકાઓ, રામાયણ – તેના પદો બાકી રહે છે, અને તેનો બીજો ખંડ બનશે."[૧૭] આ પ્રકારનો બીજો ખંડ આપવાનું તેમનું આયોજન મૃત્યુનો ક્રૂર પંજો પડતા સાકાર થઇ શક્યું નથી. મેઘાણીના લોકસાહિત્ય સંશોધન-સંપાદનમાં એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે તેઓ પ્રત્યેક ગ્રંથમાં વિષયવાર જ વિભાગીકરણ આપે છે, સ્વરૂપવાર વિભાગીકરણ આપતા નથી. આ સંદર્ભમાં તેમનું સંપાદન આધુનિક લોકસાહિત્ય-વિજ્ઞાનના સંદર્ભમાં સંપૂર્ણપણે શાસ્ત્રીય બનતું નથી. એમણે જે ઉત્સાહથી લોકસાહિત્ય-વિષયક બત્રીસ જેટલા પુસ્તકો આપ્યા છે, તે એક શકવર્તી ઘટના છે. એમના જેવો ભેખ, એમની પૂર્વે કે પછી, કોઇ લોકસાહિત્ય-સંપાદકે લીધો નથી.

'સોરઠી સંતવાણી'માં ડગલે ને પગલે કેટલાક વિચિત્ર શબ્દપ્રયોગો આવે છે: દા.ત. શબદ, સૂન-ગઢ, સૂન (શૂન્ય) નૂરતી-સૂરતી, 'ઉલટા નીર શિખર પર ચડિયા' ત્રિકુટિ – મહેલ, ઈંગલા-પિંગલા, સુખમણા, વચન, મૂળ વચન, ગગન-મંડળ, અલખ વગેરે. ભક્તિમાર્ગમાં આવા પ્રયોગોનો વ્યવહાર આપણા ભારતવર્ષની અંદર કડીબંધ વહેતી આવેલી અનેકવિધ ચિંતન-ધારાઓની થોડીક માહિતી મેળવ્યા વગર સમજાતી નથી. ઉપર્યુક્ત શબ્દો યોગની પરિભાષાના પ્રયોગોનો નિર્દેશ કરે છે.

"શબદ" માં બ્રહ્માંડની ઉત્પત્તિ "શબદ"માંથી થઇ છે એવો નિર્દેશ થયો છે:

" પેલે પેલે શબ્દે હુઆ રણુંકારા,
ત્યાંથી રે ઉપન્યા જમીંઅસમાના."

"મૂળ વચન"માં સોરઠી સ્ત્રી-સંત લોયણ તેના શિષ્ય લાખાને સંબોધીને ધાર્મિક ઉપદેશ આપે છે.

"ફૂલ કેરી પાંખડી"માં ભક્તિમાર્ગની મહત્તા દર્શાવી છે:
ભગતીનો મારગ રે, ફૂલ કેરી પાંખડી રે
સુંઘે તેને રે સવાદ.

"બોત રે કઠણ છે" માં લોયણ લાખાને કહે છે કે ભક્તિનો માર્ગ બહુ કઠણ છે. તમે કેવી રીતે ભવસાગર તરી શકશો ? લોયણ ઉપદેશ આપે છે, અને લાખો વિનયપૂર્વક સાંભળે છે. નારી ગુરુ બને છે ને નરને ઠેકાણે લાવે છે. ભજનસાહિત્યમાં આ એક પરંપરા બની ગઇ છે. તોળલદે જેસલને, રૂપાંદે માલદેવને, ડાળણદે રાવત રણશીને બોધતાં બતાવ્યાં છે. નારીનું આસન સદાય ઊંચું રહ્યું છે. તેની સામે શિષ્યભાવે ઊભા રહેતાં સિંહ જેવો નર પણ શરમાયો નથી.

"જેને લાગ્યાં શબદુનાં બાણ"માં રામબાણનાં જેવાં જ શબ્દોનાં બાણ - ભજનોનાં બાણ વાગતાં ભક્ત કેવી મનોદશા અનુભવે છે તેનું નિરૂપણ છે. અહીં સંસારને સ્વપ્ન જેવો ક્ષણિક ચીતર્યો છે.

"શિષ્ય કોને કરવો ?" માં આદર્શ શિષ્યનાં લક્ષણો ગણાવ્યાં છે. જેને પૂરો રંગ ચડ્યો નહિ હોય તેને શિષ્ય ન કરવાની સલાહ આપી છે. જેનું અંતર ઊજળું નથી, જેની વૃત્તિ અહીં-તહીં ભટકે છે, તેને શિષ્ય બનવાનો અધિકાર નથી.

'હરિ વિના અન્ય નથી' ભજનનો લય નરસિંહ મહેતાના ભજનોને મળતો આવે છે:

જાગીને જોતાં રે, સપનું સમાઇ ગયું,
પ્રગટ્યો કોઇ પરમાતમ પરકાશ.

'આવડાં તે રૂપ !' ભજન કવિત્વમય કલ્પનાને કારણે આસ્વાદ્ય બન્યું છે:

મોર તું તો આવડાં તે રૂપ કયાંથી લાવ્યો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.

'પ્રેમનું ખેતર'માં માનવજાતને પોતાનાં કર્તવ્યો સમજી લેવાની ચેતવણી આપી છે.

'જેસલ કરી લે વિચાર'માં સતી તોળલ જેસલ જાડેજાને ઉપદેશ આપતાં કહે છે:

જેસલ કરી લે વિચાર
માથે જમ કેરો માર
સપનાં જેવો છે સંસાર
તોળી રાણી કરે છે પોકાર.

'કાગળ' નામનું ભજન પ્રેમલક્ષણાભક્તિને વ્યકત કરે છે:

લાવો લાવો કાગળ ને દોત, લખીએ હરિને રે,
એવો શિયો રે અમારલો દોષ, ન આવ્યા ફરીને રે.

'પૂર્વની પ્રીતિ'માં પ્રભુ સાથે પોતાને જૂની પ્રીતિ છે એવો ભકતનો નમ્ર એકરાર છે:

મારે પૂરવની છે પ્રીત્યુ રે
બાળપણની પ્રીત્યુ રે
ઓધા ! મંદિર આવજો રે.

'માટ તો રોકેલ છે મારા'માં નટખટ કનૈયાનું શબ્દચિત્ર આલેખાયું છે:

માટ તો રોકેલ છે મારા
મહીના જશોદાના જાયા રે
માટ તો રોકેલા મારા.

'કોઇ સમજાવો'માં ગોપીની વેદના વ્યક્ત થઇ છે:
હૈડાનાં દઃખડાં વાલા હૈડે સમાણાં રે
દરડે સુકાણી મોરી દેયુ રે.

ગોપી ઓધવ મારફત કનૈયાને સંદેશો મોકલાવે છે કે એક વાર ગોકુળમાં આવો. ગોપી એક અંતિમે જઇને કનૈયાને 'ધુતારો'કહીને પણ સંબોધે છે. આ ભજનોમાંનો કરુણરસ ઘુટાઇ ઘુટાઇને વ્યક્ત થયો છે, તે એની પદાવલિ જોતાં પ્રતીત થાય છે.

'સોરઠી સંતવાણી'માં કેટલાક ભજનોની સાથે સંપાદકે સરલ ગુજરાતીમાં સમજૂતી આપી છે, તે આ પ્રકારનાં લોકજીવનને આલેખતા વિષયને સમજવામાં ઉપકારક બની છે. મેઘાણી દ્વારા સંપાદિત કેટલીક કૃતિઓ લોકગીત નથી, તેમ છતાં તેમણે અનેક મર્યાદાઓ વચ્ચે, જે ઉત્સાહથી વૈવિધ્યસભર લોકગીતોનું સંપાદન કર્યું છે; તે એમની કામગીરીનું નમૂનેદાર જમા પાસું છે.

પાદટીપ

૧.	'ચૂંદડી ભાગ-૨': સંપા. ઝ. મેઘાણી, પહેલી આવૃત્તિ, ૧૯૨૯	પૃ. ૫
૨.	'ચૂંદડી ભાગ-૧': સંપા. " " " " ૧૯૨૮	પૃ. ૪
૩.	– એજન –	પૃ. ૪
૪.	– એજન –	પૃ. ૮
૫.	– એજન –	પૃ. ૮
૬.	– એજન –	પૃ. ૧૧
૭.	– એજન –	પૃ. ૫૫
૮.	– એજન –	પૃ. ૭૦
૯.	– એજન –	પૃ. ૯૫
૧૦.	– એજન –	પૃ. ૯૫
૧૧.	'ચૂંદડી ભાગ-૨': સંપા. ઝ. મેઘાણી, પહેલી આવૃત્તિ, ૧૯૨૯	પૃ. ૧૦૦
૧૨.	'ચૂંદડી ભાગ-૧': " " " ૧૯૨૮	પૃ. ૬૪
૧૩.	– એજન – " " " "	પૃ. ૭૪
૧૪.	'ઝવેરચંદ મેઘાણી': સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ, આવૃત્તિ-૧, ૧૯૬૮......	પૃ. ૧૦૦
૧૫.	'સોરઠી સંતવાણી': સંપા. ઝ. મેઘાણી, પહેલી આવૃત્તિ, ૧૯૪૭.....	પૃ. ૧૧
૧૬.	– એજન –	પૃ. ૭૩
૧૭.	– એજન –	પૃ. ૭૪